RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 56* Date: 22.12.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ગૌણ સેવા પસંદગી મંડળની ભૂલ હશે તો તેની સામે પણ પગલાં લેવાશેઃ હર્ષ સંઘવી

# પેપર ફૂટ્યાના ૧૦મા દિવસે હેડ ક્લાર્કની પરીક્ષા રદ કરવામાં આવી



ગાંધીનગર,તા.૨૧

૧૨ ડિસેમ્બરના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવેલી પરીક્ષાનું પેપર ફૂટ્યું હતું. ત્યાર બાદ ગૃહ રાજ્યમંત્રીએ પણ પેપર લીક થયું હોવાનો સ્વીકાર કર્યો હતો. આ મામલે આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પ્રેસ-કોન્ફરન્સ યોજી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે ૧૪ આરોપીની ધરપકડ થઈ ગઈ છે તેમજ હેડ ક્લાર્કની પરીક્ષા રદ કરવામાં આવે છે. આ પરીક્ષા માર્ચમાં ફરીથી લેવાશે. ગૌણ સેવા પસંદગી મંડળની ભૂલ હશે તો તેની સામે પણ પગલાં લેવામાં આવશે. જો ગમે તે અધિકારીની ભૂલ સામે આવશે તો તેની સામે પગલાં લેવાશે. જોકે ગૃહ રાજ્યમંત્રીએ અસિત વોરાનું નામ પણ લીધું નહોતું, શું તેમને ક્લીન ચિટ આપી?

હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, ગૌણ સેવા પસંદગી મંડળ સાથે ચર્ચા કર્યા બાદ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી માર્ચ મહિનામાં ફરીવાર હેડક્લાર્કની પરીક્ષા લેવાશે. નવી પદ્ધતિથી પરીક્ષા લઈ શકાય તે માટે મુખ્યમંત્રી સાથે ચર્ચા કરાઈ છે. ૭૦ પરીક્ષાર્થીઓએ પેપર લીધા હતાં તેમને પણ છોડાશે નહી. હવે એવી વ્યવસ્થા સાથે પરીક્ષા લેવાશે કે ગેરરીતિની કોઈ તક નહી રહે. પેપર લેનારને એવી સજા કરાશે કે વર્ષો સુધી બહાર નહી આવી શકે. પેપર લીક કાંડનો મામલો ગરમાતા અને રાજકીય સ્વરૂપ લઈ લેતા સરકાર એકદમ એક્ટિવ થઈ ગઈ છે અને મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં પરીક્ષા રદ કરવા અને આરોપીઓ સામે કડક પગલાં લેવાના નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રી ઉપરાંત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા. આ બેઠક બાદ હર્ષ સંઘવીએ પરીક્ષા રદ કરવાની જાહેરાત કરી હતી.

પેપર લીક કાંડ મામલે યુવરાજસિંહ જાડેજાએ આજે ગૌણ સેવા પસંદગી મંડળનેકેટલાક પૂરાવાઓ આપ્યા હતા. સાથે જ તેમણે ગૌણ સેવા પસંદગી મંડળને આ મામલે ફરિયાદી બનવા અરજી કરી હતી. યુવરાજ સિંહે જણાવ્યું હતું કે, તેમની પાસે રહેલા ચોક્કસ નક્કર પુરાવાઓને તે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને જ આપશે, જેથી તેની ગોપનિયતા જળવાઈ રહે. ઉપરાંત તેણે પોતે પણ તપાસમાં જરૂર પડે ત્યાં સહાય કરવા તૈયાર દર્શાવી હતી.

સાણંદમાં આવેલા પ્રિન્ટિંગ પ્રેસના સુપરવાઈઝર કિશોર આચાર્યએ ૯ લાખ રૂપિયામાં મંગેશ નામની વ્યક્તિને આ પેપર વેચ્યું હતું. ગાંધીનગર એલસીબીએ કિશોર આચાર્યની અટકાયત કરી તેની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે કિશોર મંગેશની પત્નીના કૌટુંબિક કાકા થાય છે અને તે પ્રિન્ટિંગ પ્રેસમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. જ્યારે અન્ય આરોપી દીપક પટેલ સિંગરવા હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ચલાવે છે, જેની પણ ધરપકડ કરી લેવામાં આવી છે. પ્રિન્ટિંગ પ્રેસ અને ગૌણ સેવા પસંદગી મંડળના કોઈ કર્મચારીઓ સંડોવાયેલા છે કે કેમ એની તપાસ ચાલી રહી છે.

પરીક્ષા અગાઉ સંપર્કમાં રહેલા ગાંધીનગરના દીપક પટેલની ઓળખ કરવામાં આવી હતી. આ દીપક પટેલને એલ.સી.બી. કચેરી ખાતે પૂછપરછ કરતાં તેણે આ પ્રશ્નપત્ર નરોડા ખાતે રહેતા મંગેશ શિર્કે પાસેથી મેળવી ૦૯ લાખ રૂપિયામાં ૯ ડિસેમ્બરે પ્રાંતિજના દેવલ પટેલ તથા જયેશ પટેલને આપ્યું હોવાની કબૂલાત કરી હતી. અમદાવાદના મંગેશ શિર્કેને આ પ્રશ્નપત્ર પોતાની પત્નીના કૌટુંબિક કાકા કિશોર આચાર્ય પાસેથી મેળવ્યું હતું. આ કિશોર આચાર્યને પ્રિન્ટિંગ પ્રેસમાં ગૌણ સેવા પસંદગી મંડળે પ્રશ્નપત્ર પ્રિન્ટિંગ માટે આપ્યું હુતું. તે પ્રિન્ટિંગ પ્રેસમાં પ્રિંટિંગ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે.

ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષાના પેપર લીક કેસમાં ત્રણ દિવસ સુધી સતત તપાસ ચાલી. પોલીસે પહેલા શકમંદોને પકડવાનું કામ કર્યું. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ. પેપર ફૂટ્યાના પહેલા દિવસે જ ૬ લોકોને પકડી લેવામાં આવ્યા હતા, એક જ જિલ્લામાં ત્રણ ગ્રુપમાં પેપર સોલ્વ કરાવાયા હતા. આ વિશે હર્ષ સંઘવીએ પત્રકારોને કહ્યું હતું કે આ કેસમાં અત્યારસુધીમાં ૧૦માંથી ૬ લોકોની ધરપકડ કરાઈ છે, જેમાં મહેશ પટેલ, ચિંતન પટેલ, કુલદીપ પટેલ, ધ્રુવ પટેલ, દર્શન વ્યાસ, સુરેશ પટેલની ધરપકડ કરાઈ છે. ૨૪થી વધારે પોલીસની ટીમ કાર્યરત હતી. ગુનામાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સરકાર તરફથી ૪૦૬, ૪૦૬, ૪૦૯, ૧૨૦ હેઠળ ગુનો દાખલ કરાયો છે.

કોરોનાને કારણે સરકારી નોકરીની ભરતીમાં પણ વિલંબ થયો હતો. હેડ ક્લાર્કની ૧૮૬ જગ્યા માટે યોજાયેલી પરીક્ષામાં રાજ્યભરનાં ૬ શહેરમાં ૭૮૨ કેન્દ્રમાં પરીક્ષા લેવાઈ હતી, જેમાં ૮૮ હજાર જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી, જે અગાઉ કોરોનાને કારણે મોકૂફ રખાઈ હતી. પરીક્ષા માટે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ અને જામનગરમાં કેન્દ્ર ફાળવવામાં આવ્યાં હતાં.

પેપર લીક મામલે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી પોલીસ ફરિયાદમાં નોંધવામાં આવ્યું હતું કે પરીક્ષા પહેલાં જ કોઈ સરકારી નોકરની મદદથી કે અન્ય કોઈ પ્રકારે મેળવીને તેને ૧૦થી ૧૫ લાખ રૂપિયામાં પરીક્ષાર્થીઓને વેચી પેપરની નકલ સાથે પુસ્તકો ઉપલબ્ધ કરાવી પ્રાંતિજ, હિંમતનગર અને વીસનગરમાં પેપર સોલ્વ કરવાની તેમજ અહીથી પરીક્ષાર્થીઓને તેમનાં નિર્ધારિત પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવાની સગવડ કરી આપી હતી.

## ઠંડીનો પ્રકોપઃ આખા ઉત્તર ભારતમાં છેલ્લા 3 દિવસથી ન્યૂનતમ તાપમાન સતત નીચે જઈ રહ્યું છે

નવીદિલ્હી,તા.૨૧

ઉત્તર ભારતમાં છેલ્લા એક અઠવાડિયામાં તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો છે. રાજધાની દિલ્હીની સાથે સાથે રાજસ્થાન, પંજાબ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, અને જમ્મુ કાશ્મીરમાં આગામી કેટલાક દિવસો સુધી તીવ્ર ઠંડીની સ્થિતિની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આ રાજયો માટે એલર્ટ પણ જારી કરવામાં આવ્યું હતું. આઈએમડીની આ ભવિષ્યવાણી મોટા પ્રમાણમાં સાચી થતી જણાઈ રહી છે કારણ કે, આખા ઉત્તર ભારતમાં છેલ્લા ૩ દિવસથી ન્યૂનતમ તાપમાન સતત નીચે જઈ રહ્યું છે. જો માત્ર દિલ્હીના તાપમાનની જ વાત કરવામાં આવે તો, શનિવારે ત્યાં લઘુત્તમ તાપમાન ૬સે હતું અને રવિવારે ૪.૬ સિલ્સિયસ હતું. સોમવારે સવારે દિલ્હીએ સીઝનની સૌથી ઠંડી સવાર જોઈ જયારે લઘુત્તમ તાપમાન ૩.૨ ડિગ્રી નોંધાયું હતું. આવી પરિસ્થિતિમાં સામાન્ય લોકો ચિંતામાં છે કે, આ ઠંડીનો પ્રકોપ ક્યાં સુધી ચાલશે અને ડિસેમ્બરના મધ્યમાં ઠંડી અચાનક આટલી કેમ વધી ગઈ? નિષ્ણાતોના મતે ભારતમાં આ વર્ષે તીવ્ર ઠંડી પાછળનું એક કારણ 'લા નીના'ની અસર છે. અમેરિકન જીઓ સાયન્સ ઈન્સ્ટિટ્યુટ અનુસાર ×અલ નીનો× અને ×લા નીના× શબ્દનો સંદર્ભ પ્રશાંત મહાસાગરની સમુદ્રી સપાટીના તાપમાનમાં સમય સમય પર થતા બદલાવોથી છે અને તેની અસર દુનિયાભરના હવામાન પર પડે છે. સીધા શબ્દોમાં સમજીએ તો અલ નીનોના કારણે તાપમાન ગરમ થાય છે અને લા નીનાના કારણે તાપમાન ઠંડુ થાય છે. બંને સામાન્ય રીતે ૯-૧૨ મહિના સુધી રહે છે પરંતુ અસાધારણ કિસ્સાઓમાં ઘણા વર્ષો સુધી રહી શકે છે. જયારે ભૂમધ્યરેખીય પ્રશાંત મહાસાગર વિસ્તારની સપાટી પર હવાનું દબાણ ઓછું હોય ત્યારે આ સ્થિતિ સર્જાય છે. તેની ઉત્પત્તિના વિવિધ કારણો માનવામાં આવે છે પરંતુ સૌથી પ્રચલિત કારણ એ છે કે, તે ત્યારે ઉત્પન્ન થાય છે જયારે ટ્રેન્ડ વિન્ડ એટલે કે પૂર્વ દિશાનો પવન ખૂબ જ ઝડપથી ફૂંકાય છે. તેનાથી સમુદ્રી સપાટીનું તાપમાન ઘણું ઓછું થઈ જાય છે. આની સીધી અસર દુનિયાભરના તાપમાન પર થાય છે અને તાપમાન સરેરાશ કરતા વધારે ઠંડુ થઈ જાય છે. લા નીનાથી સામાન્ય રીતે ઉત્તર-પશ્ચિમમાં હવામાન ઠંડુ અને દક્ષિણ-પૂર્વમાં હવામાન ગરમ હોય છે. ભારતમાં આ દરમિયાન તીવ્ર ઠંડી રહે છે અને વરસાદ પણ સારા પ્રમાણમાં પડે છે.

### દેશમાં વધતા જતાં કોરોના અને ઓમિક્રોન ના કેસ મુદ્દે

## ભારતે કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ : ડો. ગુલેરિયા

નવીદિલ્હી,તા.૨૧

કોરોનાનું ડબલ વેરિઅન્ટ સામે આવ્યું છે, જેને ડેલ્મિક્રોન નામ આપવામાં આવ્યું છે. ડેલ્ટા વેરિઅન્ટ અને કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટને જોડીને ડેલ્મિક્રોન નામ રાખવામાં આવ્યું છે. કારણ કે આ સમયે ભારત સહિત સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના બંને પ્રકાર જોવા મળી રહ્યા છે. દેશમાં ઓમિક્રોનના વધતા જતા કેસ વચ્ચે છૈંસ્જીના ડાયરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું કે ભારતે કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ. ઘણા નિષ્ણાતોએ તો એમ પણ કહ્યું છે કે દેશમાં નવી લહેરોની ટોચ ફેબ્રુઆરીમાં હશે.છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોવિડ-૧૯ના કારણે ૪૫૩ દર્દીઓના મોત થયા છે. જ્યારે આ સમયગાળા દરમિયાન ૫,૩૨૬ નવા કેસ નોંધાયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે દેશમાં કોરોના વાયરસના સક્રિય દર્દીઓની સંખ્યા હવે ઘટીને ૭૯ હજાર થઈ ગઈ છે. તે જ સમયે, છેલ્લા ૨૪ કલાકમાં, ભારતમાં કોવિડ ચેપથી ૮,૦૪૩ લોકો સાજા થયા છે, જે પછી કોરોનાથી અત્યાર સુધીમાં સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા ૩,૪૧,૯૫,૦૬૦ થઈ ગઈ છે. ૫૩૨૬ કેસની પુષ્ટિ થયા બાદ દેશમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા હવે વધીને ૩,૪૭,૫૨,૧૬૪ થઈ ગઈ છે. મંત્રાલયે કહ્યું કે અહી સંક્રમણને કારણે ૪,૭૮,૦૦૭ લોકોના મોત થયા છે. તે જ સમયે, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ૈંઝ્રસ્ઇ) એ કહ્યું કે સોમવારે ભારતમાં કોરોના વાયરસ માટે ૧૦,૧૪,૦૭૯ નમૂના પરીક્ષણો કરવામાં આવ્યા હતા, ત્યારબાદ દેશમાં નમૂના પરીક્ષણનો આંકડો હવે વધીને ૬૬,૬૧,૨૬,૬૫૯ થઈ ગયો છે.



ભારતમાં કોરોના વાયરસના સક્રિય દર્દીઓની સંખ્યા હાલમાં ૭૯,૦૯૭ છે, જે કુલ કેસના ૦.૨૩ ટકા છે. સક્રિય કેસોનો આ આંકડો માર્ચ ૨૦૨૦ પછીનો સૌથી ઓછો છે. તે જ સમયે, જો આપણે કોવિડ - ૧૯ રસીકરણના ડેટા વિશે વાત કરીએ, તો ભારતમાં અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૩૮ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. દેશભરમાં ૬૪,૫૬,૯૧૧ લાખથી વધુ લોકોને રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. સરકારી અહેવાલ મુજબ, ભારતમાં રસીકરણનો કુલ આંકડો હવે વધીને ૧,૩૮,૩૪,૭૮,૧૮૧ થઈ ગયો છે.

## ભારત વિરોધી ૨૦ પાકિસ્તાની યુટુબ ચેનલ પર પ્રતિબંધ

નવીદિલ્હી,તા.૨૧

ભારત સરકારે દેશ વિરોધી પ્રચાર ફેલાવતી ૨૦ યુટ્યુબ ચેનલો પર પ્રતિબંધ મૂક્યો છે.તાજેતરમાં સામેલ કરાયેલી માર્ગદર્શિકાના આધારે પ્રથમ વખત તેમના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ યુટ્યુબ ચેનલો સાથે ૨ વેબસાઈટ્સ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ચેનલો અને વેબસાઈટ કથિત રીતે પાકિસ્તાનથી સંચાલિત હતી અને દેશમાં ભારત વિરોધી પ્રચાર ફેલાવે છે.

નામ જાહેર ન કરવાની શરતે એક સૂત્રએ જણાવ્યું કે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ અપૂર્વ ચંદ્રાએ આ સામગ્રીને તાત્કાલિક અસરથી બ્લોક કરવા માટે યુટયુબ અને ટેલિકોમ વિભાગને પત્ર લખ્યો છે, કારણ કે તે ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતાને અસર કરે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રચાર પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસ ઈન્ટેલિજન્સ દ્વારા ફેલાવવામાં આવી રહ્યો હતો. તેમણે કહ્યું કે તેમની વચ્ચે 'નયા પાકિસ્તાન' નામની એક યુટ્યુબ ચેનલ હતી, જેના યુટ્યુબ પર ૨૦ લાખથી વધુ સબસ્ક્રાઈબર્સ હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચેનલ કાશ્મીર, કૃષિ કાયદા સામે ખેડૂતોના વિરોધ અને અયોધ્યા જેવા મુદ્દાઓ પર "ખોટા સમાચાર" ચલાવી રહી હતી.

સુરક્ષા એજન્સીઓએ પહેલા આ સામગ્રી વિશે માહિતી આપી, ત્યારબાદ સૂચના અને પ્રસારણ મંત્રાલયે તપાસ કરી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "આ પ્રથમ વખત છે કે જ્યારે આઈટી નિયમો, ૨૦૨૧ હેઠળ કટોકટીની સત્તાઓનો ઉપયોગ ભારત વિરોધી પ્રચાર કરતી વેબસાઈટ્સ પર પ્રતિબંધ મૂકવા માટે કરવામાં આવ્યો છે." સમીક્ષામાં સામેલ અધિકારીએ જણાવ્યું હતું કે, "તપાસમાં જાણવા મળ્યું છે કે આ વેબસાઈટ અને ચેનલો પાકિસ્તાનથી ચલાવવામાં આવી રહી હતી, આ યુટયુબ ચેનલો પર ચલાવવામાં આવતી સામગ્રી રાષ્ટ્રીય સુરક્ષાના દૃષ્ટિકોણથી સારી નથી.

## વર્ષ ૨૦૧૪ પહેલા લિંચિંગ શબ્દ સાંભળવામાં આવ્યો નહતો : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૨૧

કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પંજાબ અને અન્ય કેટલાક સ્થળોએ મોબ લિંચિંગની તાજેતરની ઘટનાઓની પૃષ્ઠભૂમિમાં, મંગળવારે આરોપ લગાવ્યો હતો કે ૨૦૧૪ માં નરેન્દ્ર મોદી સરકારની રચના થઈ તે પહેલા 'લિંચિંગ' શબ્દ સાંભળવામાં આવ્યો ન હતો. 'થેક્ર યુ મોદી જી' હેશટેગ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા તેમણે ટ્વીટ કર્યું કે, ૨૦૧૪ પહેલા 'લિંચિંગ' શબ્દ પણ સાંભળવામાં આવતો ન હતો.

પંજાબમાં ટોળા દ્વારા અલગ-અલગ ઘટનાઓમાં બે લોકોનાં મોતને લઈને રાજકીય નિવેદન ચાલી રહ્યા છે, તે દરમિયાન કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધીનું લિંચિંગ અંગેનું ટ્વીટ સામે આવ્યું છે. તેમણે આમા કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ લખ્યું છે કે, વર્ષ ૨૦૧૪ પહેલા (મોદી સરકાર આવી તે પહેલા) લિંચિંગ શબ્દ સાંભળવામાં આવતો નહોતો. આપને જણાવી દઈએ કે, પંજાબની બન્ને ઘટનાઓ પર મોટાભાગનાં રાજનેતાઓ ખુલીને બોલી રહ્યા નથી કારણ કે આ મામલા ઢ્ઢેજર્રહીજંઅ સાથે જોડાયેલા છે. જો કે રાહુલ ગાંધી પહેલા પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે, જે લોકો અપવિત્રતા ફેલાવે છે તેમને બધાની સામે ફાંસી આપવામાં આવે. ભાજપે તુરંત જ જવાબ આપ્યો. મ્ત્નઁ સેલનાં વડા અમિત માલવિયાએ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો વીડિયો જાહેર કર્યો છે. અમિત માલવિયાએ રાજીવ ગાંધીને દેશમાં લિંચિંગનાં પિતા કહ્યા છે. વીડિયોમાં રાજીવ ગાંધી ઈન્દિરા ગાંધીની હત્યા અને ત્યારબાદ થયેલા શીખ રમખાણોનો ઉલ્લેખ કરી રહ્યા છે. રાજીવ ગાંધી કહે છે કે જ્યારે પણ મોટું વૃક્ષ પડે છે ત્યારે ધરતી હલી જાય છે. બીજેપી આઈટી સેલનાં વડા અમિત માલવિયાએ વીડિયો જાહેર કર્યો અને લખ્યું, 'મોબ લિંચિંગનાં પિતા રાજીવ ગાંધીને મળો, શીખોનાં લોહીથી લથબથ નરસંહારને યોગ્ય ઠેરવતા. કોંગ્રેસ રસ્તા પર ઉતરી, ખૂન કા બદલા ખૂન સે લેગે જેવા સૂત્રોચ્ચાર કર્યા, મહિલાઓ પર દુષ્કર્મ કર્યો, શીખ પુરુષોનાં ગળામાં સળગતા ટાયર લપેટી, નાળાઓમાં ફેંકી દેવાયેલા બળેલા મૃતદેહો પર કૂતરાઓને લઈ જવામાં આવ્યા.

## અનેક દેશોએ નવા વર્ષની ઉજવણી પર પ્રતિબંધ લગાવ્યો

ન્યુદિલ્હી, તા.૨૧

કોરોનાની ત્રીજી લહેરમાં ઓમિક્રોનની મોટી ભૂમિકા હોઈ શકે છે. દક્ષિણ આફ્રિકામાં સૌપ્રથમ જોવા મળતા કોરોનાના ઓમિક્રોન પ્રકારે બ્રિટનમાં સૌથી ઝડપથી ફેલાવવાનું શરૂ કર્યું છે. રવિવારે બ્રિટનમાં કોરોનાના કુલ ૮૨,૮૮૬ કેસ નોંધાયા હતા. જેમાંથી ૧૨,૧૩૩ કેસ માત્ર ઓમિક્રોનના હતા. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૩૭,૧૦૧ ઓમિક્રોન કેસ નોંધાયા છે. અહીંના સ્વાસ્થ્ય નિષ્ણાતોનું કહેવું છે કે અહીં વાસ્તવિક આંકડો ઘણો વધારે હોઈ શકે છે.

દેશ-વિદેશમાં ઓમીક્રોન વેરિઅન્ટના કેસમાં વધારો થઈ રહ્યો છે. દેશમાં ઓમિક્રોનના વધતા જતા કેસ વચ્ચે લોકો ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી કરવાનું આયોજન કરી રહ્યા છે. પરંતુ આ બધાની વચ્ચે કેટલાક એવા દેશો છે જેમણે સાવચેતી રાખીને આ વર્ષે ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી પર બ્રેક લગાવી દીધી છે અથવા તો લગાવવાની તૈયારી કરી રહ્યા છે. અમેરિકા અને બ્રિટનની સરકારો ક્રિસમસ અને નવા વર્ષ પર ભીડને ધ્યાનમાં રાખીને આંશિક લોકડાઉન અથવા નિયંત્રણો લાદી શકે છે.ફ્રાન્સની વાત કરવામાં આવે તો અહીંની સરકારે ક્રિસમસ અને નવા વર્ષ પર ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે જેથી લોકો એકઠા ન થઈ શકે. આ સિવાય આયર્લેન્ડે રાત્રે ૮ વાગ્યા પછી પબ અને બારમાં પ્રવેશ બંધ કરવાનો આદેશ આપ્યો છે. ઈઝરાયેલે આજથી અમેરિકા, કેનેડા અને જર્મની સહિત ૧૦ દેશોને નો-ફ્લાય લિસ્ટમાં મૂકતા પ્રવાસ પર પ્રતિબંધ મૂક્યો છે. બ્રિટનમાં નાઈટક્લબ અને પાર્ટીઓમાં જતા પહેલા રસીકરણનું પ્રમાણપત્ર બતાવવું ફરજિયાત કરવામાં આવ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# આપણી પોતીકી બીએસએનએલને બચાવવા દેશ પ્રેમીઓ મેદાનમાં ક્યારે આવશે.....?

દેશની સરકાર આમ પ્રજાના નાણાથી વરસો અગાઉ ઊભિ કરવામાં આવેલ જાહેર સાહસો તેમજ વિવિધ સરકારી અસ્ક્યામતોનુ ખાનગીકરણ કરવા તરફ દોડવા લાગી છે. પરંતુ વિશ્વના જે તે દેશોએ આ રીતે ખાનગીકરણ કર્યું હતું તેવા દેશોની પ્રજાની અને સરકારની બંનેની હાલત બગડી હતી જે કારણે ખાનગીકરણથી પરત ફરવા ફરજ પડી હતી.જ્યારે કે જે દેશની પ્રજા ટેલિફોનિક ક્ષેત્રે સૌથી વધુ ઉપયોગ બીએસએનએલ નો કરતી તેમા સરકારની તમામ ગતિવિધિ આવી જતી ઊપરાંત ગુપ્ત બાબતો જળવાઈ રહી છે. પછીથી બીએસએનએલ નો લોડ વધતા વધુ એક સરકારી ટેલીફોનિક કંપની એમટીએનએલ ઊભી કરવામા આવી અને સમગ્ર દેશમાં મોટુ નેટવર્ક બની રહી. બીજું ક્ષેત્ર છે રેલવે કે જેને દેશભરની પ્રજાને પ્રવાસ માટે સરળ અને સસ્તી સેવા આપી અને તેનું જાળુ સમગ્ર દેશમાં પથરાયેલું છે. પરંતુ ખાનગીકરણ તરફ દોડતી સરકારે કેટલીક ટ્રેનો ખાનગી હાથોમાં સૌંપી દીધી છે... જે આજની તારીખે દેશની પ્રજાના નાણાથી ટ્રેન દોડાવવ નાખેલ પાટાઓ ઉપર જ દોડે છે અને રેલ્વે સ્ટેશનોનો ઉપયોગ કરે છે. પરંતુ તેનુ પ્રવાસ ભાડુ સામાન્ય પ્રજાને પરવડી ન શકે તેટલુ છે.... પરિણામે દેશભરની પ્રજા પરેશાન છે. દેશમાં સરકાર અને પ્રજા માટે અગત્યની ટેલિફોનિક સેવાઓને નુકસાન થાય અને આવનાર દિવસોમાં દેશમાં માત્ર ખાનગી ટેલિકોમ સેવાઓ કાર્યરત રહે તેવી નીતિ સરકારે અપનાવી છે.....!દેશમા એક પણ ખાનગી ટેલિફોન કંપની બીએસએનએલ જેટલું અને જેવું નેટવર્ક ધરાવતી નથી.બીજી તરફ સરકાર તેને ૪ર એન પર માટે મંજૂરી આપે છે. જ્યારે કે ક્ષમતા ધરાવતી બીએસએનએલ અને એમટીએનએલ ને ૪જી અને પજી માટે મંજૂરી નથી આપતી.....! તો પછી અન્ય બાબતો અંગે લીલીઝંડી કેવી રીતે આપશે....? જો કે સરકારે બીએસએનએલ અને એમટીએનએલ ને મર્જ કરી દીધી છે. બીએસએન એલ એક સોનાની મૂરગી સમાન છે.... બીએસએનએલ નેટવર્ક ૮ લાખ કિલોમીટરમાં પથરાયેલું છે અને તેની માલિકીની જમીનોની કિંમત રૂપિયા એક લાખ કરોડથી વધુ થવા જાય છે, તેના પાવર્સ ર૦ હજાર કરોડના છે, તેની પાસે આપ્ટીકલ ફાઇબર ૬૪ હજાર કરોડના છે. મતલબ ટેલિકોમ ક્ષેત્રે તેના જેવું પથરાયેલું ક્ષેત્ર જેવુ એક પણ ખાનગી ટેલિકોમ કંપની પાસે નથી. એક સમયે બીએસએનએલ વેચવા પર મૂકી પરંતુ ખરીદનારા ઓછી કિંમતમાં ખરીદી તેના તૈયાર ભાણા પર તાગડધિન્ના કરવા માંગતા સરકારે બીએસએનએલ અને એમટીએનએલ ને મર્જ કરી દેવા સાથે નાણાંની ફાળવણી કરી દેતા આ મર્જર થયેલ અને આ સરકારી ટેલીકોમ સાહસો કાર્યરત રહ્યા છે. બીજી બાજુ સરકાર તેને પર માટે લીલીઝંડી આપતી નથી રિલાયન્સ ટેલી કોમ બીએસએનએલ ના ટાવરો ભાડેથી વાપરે છે પરંતુ ટાવર ભાડાના કરોડો રૂપિયા બાકી છે. જે તરફ સરકાર પણ ધ્યાન આપતી નથી....!

દેશમાં એરટેલ, ટાટા, રિલાયન્સ જેવી ખાનગી ટેલિકોમ કંપનીઓ છે... જેને સરકાર પ્રોત્સાહન આપતી રહી છે ત્યારે ખાનગી ટેલીકોમ કંપનીઓએ તાજેતરમાં તેના ગ્રાહકો પર ભાવ વધારો કરી દીધો છે.... તેનાથી આમ પ્રજાએ, દેશ પ્રેમીઓએ, રાષ્ટ્ર હિતેચ્છુઓએ સમજી જવાની જરૂર છે કે ખાનગી ટેલિકોમ કંપનીઓ પ્રજાને લૂંટી શકે છે અને સરકાર તથા વિરોધ પક્ષો કોઈપણ પ્રકારનો વિરોધ કરતા નથી. એટલા માટે હવે બીએસએનએલ અને એમટીએનએલ તરફ વળવા સાથે ખાનગી ટેલિકોમ સેવાઓ નહીં લેવાની જરૂર છે. ભારતના મોબાઈલ ધારકો જો એકવાર નિર્ણય કરે તો આપણી પોતીકી ટેલિકોમ મ્જીદ્રન્ને ચાર ચાંદ લાગી જાય. પ્રજાના હૈયે દેશ હિત સમાયેલું છે ત્યારે હવે બીએસએનએલની સેવા લે તે જરૂરી છે.બાકી ખાનગી કંપનીઓ વધુ ચાર્જ વસૂલ્યા વગર રહેશે નહીં તે એક હકીકત છે.....! ખાનગી કંપનીઓનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જે હતું તે જ રહ્યું છે પછી ચાર્જ ક્યાં કારણોસર વધારવામા આવ્યો... થોડું વિચારો અને દેશના હિતમાં મોબાઇલ ધારક રાષ્ટ્રપ્રેમીઓ બહાર આવે અને ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કર્યો હતો તેને ધ્યાનમાં લઈને ખાનગી ટેલિફોન કંપનીઓથી દૂર રહીને પોતાના દેશની અને આમ જનતાના નાણાંથી ઉભી થયેલ બીએસએનએલ ને ટોપ લેવલે દોડાવવા તેની સેવાઓ લઈને દેશ પ્રેમ બતાવે તે આજ ની માંગ છે. જોકે તેના સંચાલકોએ હવે બીએસએનએલની સેવાઓમાં કોઈ બાધા ન આવે કે કોઇ વિઘ્ન ન આવે તે તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે તે સાથે તેની ફ્રીક્વન્સી પણ વધારવાની જરૂર છે.....! વંદે માતરમ

# સપા આગામી ચુંટણીઓમાં યુપીમાં ભાજપને જોરદાર ટકકર આપશે,ભાજપ માટે સત્તા ટકાવી રાખવી પડકારજનક : સર્વે

### ભાજપને ૨૧૨-૨૨૪ બેઠકો મળી શકે છે.આ ઉપરાંત સપાને ૧૫૧-૧૬૦ બેઠકો,બસપાને ૧૨-૨૪ બેઠકો અને કોંગ્રેસને ૨-૧૦ બેઠકો મળે તેવું અનુમાન છે




લખનૌ,તા.૨૧

યુપી વિધાનસભાની ચુંટણીમાં માત્ર કેટલાક મહીના જ બાકી છે.આવામાં ભાજપ,સપા,કોંગ્રેસ અને બસપા પોતાની રણનીતિને લઈ સક્રિય નજરે પડી રહ્યાં છે જયારે એક ટીવી દ્વારા કરાવવામાં આવેલા નવા સર્વેથી જાણી શકાય છે કે ૨૦૨૨ની વિધાનસભા ચુંટણીમાં ભાજપ સરકારની ફરીથી વાપસી મુશ્કેલભરી રહી શકે છે.સર્વે અનુસાર સમાજવાદી પાર્ટી ભાજપને જોરદાર ટકકર આપી શકે છે. સર્વે અનુસાર ૪૭ લોકોનું માનવું છે કે આવનાર ચુંટણીઓમાં ભાજપની સરકાર બનાશે જયારે ૩૧ ટકા સપા સરકારની વાત કરી રહ્યાં છે. આ ઉપરાંત બસપા અને કોંગ્રેસ ખુબ પાછળ નજરે પડી રહી છે. માત્ર આઠ ટકા લોકોનું કહેવુ છે કે રાજયમાં બસપાની સરકાર બનશે તો છ ટકા લોકો કોંગ્રેસની વાપસી બતાવી રહ્યાં છે.

આ આંકડાથી જાહેર થાય છે કે યુપી ચુંટણીમાં અખિલેશ યાદવની પાર્ટી સપા સત્તાધારી ભાજપને સખ્ત પડકાર આપી રહી છે જયારે સર્વેમાં જાણવા મળ્યુ હતું કે ભાજપને ૨૧૨-૨૨૪ બેઠકો મળી શકે છે.આ ઉપરાંત સપાને ૧૫૧-૧૬૦ બેઠકો,બસપાને ૧૨-૨૪ બેઠકો અને કોંગ્રેસને ૨-૧૦ બેઠકો મળે તેવું અનુમાન છે.

એ યાદ રહે કે જેમ જેમ યુપી ચુંટણી નજીક આવી રહી છે તેમ તેમ સપા પ્રમુખ અખિલેશ યાદવ પોતાની રણનીતિને ધાર આપી રહ્યાં છે. અખિલેશ યાદવે પોતાના કાકા અને પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ શિવપાલ સિંહ યાદવની મુલાકાત કરી હતી.આ મુલાકાત યુપીની રાજનીતિને જોતા ખુબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.કહેવાય છે કે કાકા અને ભત્રીજો એક સાથે મળી ચુંટણી મેદાનમાં ઉતરવાની તૈયારી કરી રહ્યાં છે શિવપાલ અને અખિલેશ વચ્ચે તાજેતરમાં ૪૫ મિનિટ મુલાકાત યોજાઇ હતી અને આ બેઠક બાદ સપા અને પ્રસપાની વચ્ચે ગઠબંધન થયું હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

જો કે ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા શહજાદ પુનાવાલાએ આ મુલાકાત પર કટાક્ષ કર્યો હતો અને કહ્યું હતું કે શું અખિલેશ યાદવે શિવપાલ યાદવ દ્વારા તેમને (અખિલેશ યાદવ) ૨૦૧૮માં કંસ કહેવા માટે માફી મંગાવી છે કે અખિલેશ યાદવે માની લીધુ છે કે તેમના કાકાએ જે શબ્દાવાલીનો ઉપયોગ કર્યો હતો તે યોગ્ય હતો.

તેમણે કહ્યું કે હું પુછવા માંગુ છું કે જનતા માટે તેમણે શું કર્યું પુનાવાલાએ અખિલેશ પર પરિવારવાદનો આરોપ લગાવતા કહ્યું કે સપા નેતા આઇ પી સિંહ કયારેય આ પાર્ટીના અધ્યક્ષ બની શકે છે કે શું

# પૂર્વ સીએમ જીતનરામ માંઝીની જીભ કાપી નાંખનારને ૧૧ લાખ અપાશે : ગજેન્દ્ર ઝા

નવીદિલ્હી,તા.૨૧

જીતન રામ માંઝીએ ૧૯ ડિસેમ્બરે પટનામાં એક જાહેર સભા દરમિયાન બ્રાહ્મણ સમુદાય વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. તેણે કહ્યું હતું કે, 'જ્યારે હું નાનો હતો, ત્યારે સત્યનારાયણ પૂજાની પ્રથા અમારા સમુદાયમાં બહુ લોકપ્રિય નહોતી. આજકાલ લગભગ દરેક ઘરમાં સત્યનારાયણ પૂજાની પ્રથા છે. એનાથી પણ વધુ ચિંતાની વાત એ છે કે અમારા ઘરે બ્રાહ્મણો (પંડિતો) આવે છે. પૂજા કરે છે, પરંતુ તેઓ અમારા ઘરમાં ખોરાક લેતા નથી. તેઓ નિર્લજ્જતાથી અમારા ઘરમાં ભોજન ખાવાને બદલે અમારી પાસે પૈસા (દક્ષિણા) માંગે છે.ભલે પૂર્વ મુખ્યમંત્રી અને Hindustani Awam Morchaના રાષ્ટ્રીય અધ્યક્ષ જીતનરામ માંઝીએ બ્રાહ્મણો સાથે દુર્વ્યવહાર કરવા બદલ માફી માંગી લીધી હોય, પરંતુ હાલ મામલો શાંત થતો જણાયો નથી. સોમવારે જીતનરામ માંઝી વિરુદ્ધ બિહારની કોર્ટ અને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તેની સામે કાર્યવાહી કરવાની માગ ઉઠી હતી. આ મામલે બિહાર બીજેપી નેતા ગજેન્દ્ર ઝાએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. માંઝી પર પ્રહાર કરતા તેણે કહ્યું કે, જે પણ બ્રાહ્મણનો પુત્ર માંઝીની જીભ કાપી નાંખે છે, તેને ૧૧ લાખ રૂપિયા આપશે. જ્યારે બીજેપી નેતા તરફથી જીતનરામ માંઝીની જીભ કાપવાની વાત બહાર આવી ત્યારે માંઝીની પાર્ટી હિન્દુસ્તાની આવામ મોરચાએ પણ વળતો જવાબ આપ્યો. હિન્દુસ્તાની અવમ મોરચાના પ્રવક્તા દાનિશ રિઝવાને કહ્યું કે, જીતનરામ માંઝી માટે ભાજપના નેતાઓ દ્વારા સતત અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવી રહી છે. ગજેન્દ્ર ઝાએ જીતન માંઝીની જીભ કાપવાની વાત કરી છે. શું આ દલિતોના અપમાનની વાત નથી? દાનિશ રિઝવાને કહ્યું કે હું બિહાર ભાજપના ટોચના નેતાઓને કહેવા માંગુ છું કે તેઓ પોતાના લોકોને સમજાવે કે આ બધું યોગ્ય નથી. બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જીતનરામ માંઝી વિરુદ્ધ સોમવારે પટના અને પૂર્ણિયામાં બ્રાહ્મણ સમુદાય સાથે દુર્વ્યવહાર કરવા બદલ બે ફ્રૈંઈ નોંધવામાં આવી હતી. પટનામાં વિશાલ કુમાર સિંહના નેતૃત્વમાં બ્રાહ્મણ સમુદાયના લોકોએ રાજીવ નગર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી હતી. સત્યનારાયણ પૂજા વિરુદ્ધ જીતન રામ માંઝીના નિવેદનનો હેતુ હિંદુ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો હતો. આ ઉપરાંત તેણે બ્રાહ્મણ સમાજ માટે પણ અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. સિંહે કહ્યું, "માંઝીના નિવેદનથી સમાજમાં મતભેદો સર્જાય છે. આવા નિવેદનો જાતિવાદને પ્રોત્સાહન આપે છે અને સમાજમાં ઉત્તેજના ફેલાવે છે. તેમનું અપમાનજનક નિવેદન બે જ્ઞાતિઓ વચ્ચે રમખાણો સર્જવાની સંભાવના ધરાવે છે. તેમણે કહ્યું, 'અમે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ, બિહારના મુખ્ય પ્રધાન અને ડીજીપીને માંઝીના અપમાનજનક નિવેદનની નોંધ લેવા અને તેમની સામે પગલાં લેવા માટે પત્ર પણ લખ્યો છે. એક જૂથે કે હાટ પોલીસ સ્ટેશનમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિરુદ્ધ FIR નોંધાવી છે. તેમણે કહ્યું કે માંઝીએ દેશભરના બ્રાહ્મણોની ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. સરકારે તેની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ.

## એસ- ૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની પહેલી ખેપ પંજાબમાં તૈનાત

નવીદિલ્હી,તા.૨૧

રશિયાએ ભારતને એસ-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમની પહેલી ખેપ મોકલી દીધી છે. કોઈ પણ પ્રકારના હવાઈ હુમલાનો સામનો કરવા માટે સક્ષમ જી-૪૦૦ મિસાઈલને પંજાબ સેક્ટર ખાતે તૈનાત કરવામાં આવી છે જયાંથી ચીન અને પાકિસ્તાનની કોઈ પણ હરકતનો જવાબ આપી શકાશે. સરકારી સૂત્રોના કહેવા પ્રમાણે જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમને પંજાબ સેક્ટરમાં તૈનાત કરવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું કે, મિસાઈલ સિસ્ટમના પાર્ટ હવાઈ અને સમુદ્રી માર્ગે ભારત પહોંચ્યા છે અને તેને શક્ય તેટલી ઝડપથી નિશ્ચિત જગ્યાઓએ તૈનાત કરવામાં આવશે. મિસાઈલ સિસ્ટમની પહેલી સ્કવોડ્રન આ વર્ષના અંત સુધીમાં ભારતને મળી જશે. ત્યાર બાદ ઈસ્ટર્ન ફ્રન્ટ પર ફોકસ કરવામાં આવશે. આ મિસાઈલ જમીન પરથી હવામાં પ્રહાર કરે છે માટે ભારતની મારક ક્ષમતા વધુ મજબૂત બની જશે. એસ-૪૦૦માં સુપરસોનિક અને હાઈપર સોનિક મિસાઈલ્સ હોય છે જે ટાર્ગેટને ભેદવામાં માહેર છે. જી-૪૦૦ વિશ્વના સૌથી આધુનિક હથિયારોમાં આવે છે. આ મિસાઈલ દુશ્મનોના ફાઈટર વિમાનો, ડ્રોન, મિસાઈલ્સ અને ત્યાં સુધી કે સંતાયેલા વિમાનોને મારવા માટે પણ સક્ષમ છે.

# દેશની રાજધાની દિલ્હીની હવા ઝેરી બની : એક્યુઆઈ ૩૧૬ પર પહોંચ્યો

નવીદિલ્હી,તા.૨૧

ભારતીય હવામાન વિભાગે પવનની ગતિના અનુકૂળ વલણ અને પ્રદેશમાંથી પ્રદૂષકોના ફેલાવા માટે અનુકૂળ હવામાન પરિસ્થિતિઓની આગાહી કરી છે. બીજી બાજુ, સેન્ટ્રલ એર ક્વોલિટી કમિશને શુક્રવારે દિલ્હી-એનસીઆરમાં ધોરણ ૬ અને તેથી વધુના વિદ્યાર્થીઓ માટે શાળાઓ, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓને તાત્કાલિક અસરથી ફરીથી ખોલવાની મંજૂરી આપી હતી. ધોરણ ૫ સુધીના વિદ્યાર્થીઓ માટે ૨૭ ડિસેમ્બરથી શાળાઓ ખોલી શકાશે. આયોગે ૧૬ નવેમ્બરે દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ ભયજનક સ્તરે વધ્યા બાદ બાંધકામ અને તોડફોડની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટે ૨૪ નવેમ્બરે બાંધકામ પ્રવૃત્તિઓ પર ફરીથી પ્રતિબંધ લાદ્યો હતો અને માત્ર બિન-પ્રદૂષિત પ્રવૃત્તિઓ જેમ કે પ્લમ્બિંગ, આંતરિક સુશોભન, ઇલેક્ટ્રિકલ વર્ક્સ વગેરેને મુક્તિ આપી હતી કમિશને ૧૭ ડિસેમ્બરે બાંધકામ અને ડિમોલિશન પ્રવૃત્તિઓ પરના નિયંત્રણો હળવા કરીને જાહેર ઉપયોગ, રેલ્વે, મેટ્રો, એરપોર્ટ અને ISBT, રાષ્ટ્રીય સુરક્ષા, સંરક્ષણ, આરોગ્ય સંભાળ, હાઇવે, રસ્તા, ફ્લાયઓવર, પાઈપલાઈન સંબંધિત પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી. દિલ્હી-એનસીઆરમાં કોલ્ડવેવના કહેર વચ્ચે અહીંની હવા વધુ ઝેરી બની ગઈ છે.

શિયાળામાં વધારા સાથે પ્રદૂષણ પણ વધ્યું છે. સિસ્ટમ ઓફ એર ક્વોલિટી એન્ડ વેધર ફોરકાસ્ટિંગ એન્ડ રિસર્ચ (સફર) અનુસાર મંગળવારે દિલ્હીનો ઓવરઓલ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૧૬ નોંધાયો હતો. સોમવારે દિલ્હીનો ઓવરઓલ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૯૦ નોંધાયો હતો. સિસ્ટમ ઓફ એર ક્વોલિટી એન્ડ વેધર ફોરકાસ્ટિંગ એન્ડ રિસર્ચ અનુસાર, નોઈડામાં હવાની ગુણવત્તા પણ 'ખરાબ' શ્રેણીમાં રહી છે. જ્યારે ગુરુગ્રામમાં હવાની ગુણવત્તા પણ 'ખરાબ' શ્રેણીમાં રહી છે. NCR પ્રદેશના નોઈડા અને ગુરુગ્રામમાં AQI અનુક્રમે ૨૯૩ અને ૨૨૫ નોંધવામાં આવ્યો હતો. એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશનએ સોમવારે દિલ્હી-દ્ગઝ્રઈમાં બાંધકામ અને તોડી પાડવાની પ્રવૃત્તિઓ અને હવાની ગુણવત્તામાં સુધારો કરવા અને અનુકૂળ હવામાનશાસ્ત્રની આગાહીને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય રાજધાનીમાં ટ્રકોના પ્રવેશ પરના નિયંત્રણો હટાવ્યા છે.

પંચે કહ્યું કે દિલ્હીમાં હવાની ગુણવત્તા સૂચકાંકમાં સુધારો થયો છે. AQI છેલ્લા ત્રણ દિવસથી ખરાબ કેટેગરીમાં રહ્યો છે જે અગાઉ ખૂબ જ ખરાબ કેટેગરીમાં હતો. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, "NCRમાં બાંધકામ અને તોડી પાડવાની પ્રવૃત્તિઓને હવે તાત્કાલિક અસરથી મંજૂરી આપવામાં આવી છે.

## બ્રિટનના સાંસદે કહ્યું હિંદુ આતંકવાદીનો હાથ હોવા કહેતા હોબાળો

બ્રિટન,તા.૨૧

બર્મિંગહામ એજબેસ્ટન સાંસદે સોશિયલ મીડિયા પર ટીકાનો સામનો કર્યા પછી ટ્વિટને ડીલીટ કરી નાખ્યું હતું. ત્યાર બાદ તેમણે પૂજા સ્થાનો વિશે વધુ સામાન્ય ટિપ્પણી કરી. પોતાના બીજા ટ્વીટમાં તેણે કહ્યું, 'કોઈ પણ પૂજા સ્થળ કે સમુદાયને આ રીતે નિશાન બનાવવું જોઈએ નહી. હરમંદિર સાહિબમાંથી ભયાનક દ્રશ્યો જોવા મળ્યા છે.' અમૃતસરની સ્થાનિક પોલીસનું કહેવું છે કે જ્યારે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે વ્યક્તિ મૃત હાલતમાં મળી આવ્યો હતો અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે.બ્રિટનની પ્રથમ શીખ મહિલા સાંસદ પ્રીત કૌર ગિલને અમૃતસરના સુવર્ણ મંદિરમાં માર મારીને મારી નાખવામાં આવેલા એક વ્યક્તિ અંગે કરવામાં આવેલા ટ્વિટને લઈને સોશિયલ મીડિયા પર ટીકા થઈ રહી છે. ટ્વીટમાં ગિલે સુવર્ણ મંદિરમાં આ વ્યક્તિની હત્યા પાછળ એક 'હિંદુ આતંકવાદી'નો હાથ હોવા તરફ ઈશારો કર્યો હતો. શનિવારના રોજ 'અપવિત્ર' કરવા માટે કથિત રીતે માર મારવામાં આવેલો આ વ્યક્તિ અંદરના ગર્ભગૃહમાં પ્રવેશ્યો હતો જ્યાં ગુરુ ગ્રંથ સાહિબ રાખવામાં આવ્યો હતો. ત્યાં હાજર લોકોએ તરત જ તે વ્યક્તિને પકડી લીધો અને પછી તેને કથિત રીતે માર મારવામાં આવતા વ્યક્તિનું મોત નીપજ્યું હતું. બ્રિટિશ ઈમિગ્રેશન વકીલ હરજાપ ભંગાલના શનિવારે સુવર્ણ મંદિરમાં કથિત તોડફોડના વિડિયોનો જવાબ આપતા, લેબર સાંસદ ગિલ તેમના સંદેશ સાથે સંમત થયા હતા કે તે સ્પષ્ટપણે એક આતંકવાદી ઘટના હતી.ભારતના હાઈ કમિશનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "ભારતના હાઈ કમિશન બ્રિટિશ સંસદના સભ્ય દ્વારા ભારતમાં કરાયેલા અપરાધ વિશેની જાહેર ટિપ્પણીને ભારતીય કાયદા અમલીકરણ સત્તામંડળ દ્વારા પૂછપરછ અથવા ટિપ્પણી અથવા જાહેરાત પહેલાં સ્પષ્ટપણે અસ્વીકાર કર્યો છે.

# ભારતમાં કોરોના વાયરસના ૫,૩૨૬ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૨૧

ભારતમાં ઓમીક્રોની વેરિઅન્ટના વધતા જોખમ વચ્ચે દૈનિક આંકડામાં ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના ૫,૩૨૬ નવા કેસ નોંધાયા છે. આવા સમયે છેલ્લા ૨૪ કલાકમાં ૮,૦૪૩ લોકો કોવિડ ૧૯ થી સાજા થયા છે. જો કે, દરરોજ મૃત્યુઆંક વધ્યો છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૪૫૩ લોકોના મોત થયા છે. દેશમાં સક્રિય કેસની સંખ્યા ૭૯,૦૯૭ છે. આવા સમયે કોરોનાથી કુલ મૃત્યુઆંક ૪ લાખ ૭૮ હજાર ૭ છે. દેશમાં કોરોના વાયરસનો કુલ આંકડો ૩,૪૭,૫૨,૧૬૪ છે. દેશમાં અત્યાર સુધીમાં ૩,૪૧,૯૫,૦૬૦ લોકો કોરોનાથી સાજા થયા છે. કોરોના રસીકરણના આંકડાની વાત કરીએ તો તે ૧,૩૮,૩૪,૭૮,૧૮૧ છે. દેશમાં ૧૬ જાન્યુઆરી ૨૦૨૧થી રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ઓમિક્રોન વેરિઅન્ટને ધ્યાનમાં રાખીને માર્ગદર્શિકા અમલમાં આવી ત્યારથી જિનોમ સિક્વન્સિંગ માટે ગાંધીનગરમાં ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરને દરરોજ અત્યાર સુધીમાં ઓમિક્રોન સાથે મળી આવેલા સેમ્પલમાંથી પાંચથી સાત ટકા ×ઉચ્ચ પ્રાથમિકતા× નમૂનાઓ મોકલવામાં આવે છે.

# વડાપ્રધાન મોદીની ચેતવણી છતાં ગૃહમાં ભાજપના ૧૦ સાંસદો હાજર નહીં

નવીદિલ્હી,તા.૨૧

ગયા અઠવાડિયે મંગળવારે યોજાયેલી સંસદીય દળની બેઠકમાં વડાપ્રધાને તમામ પક્ષના સાંસદોને ચેતવણી આપી હતી કે તમારી આદત બદલો નહીંતર પરિવર્તન થશે. સોમવારે પ્રશ્નકાળ દરમિયાન ગેરહાજર રહેલા સાંસદોમાં, મુખ્યત્વે લોકસભામાં ભાજપના મુખ્ય દંડક રાકેશ સિંહ, બંગાળના બેલુરઘાટના સાંસદ. અને બંગાળ ભાજપના અધ્યક્ષ સુકાંત મજુમદાર, બેંગલુરુના સાંસદ અને ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ તેજસ્વી સૂર્યા, પૂર્વ ચંપારણના સાંસદ અને બિહાર ભાજપના અધ્યક્ષ સંજય જયસ્વાલ, કૌશામ્બી ભાજપના સાંસદ વિનોદ કુમાર સોનકર અને પાલી રાજસ્થાનના સાંસદ પીપી ચૌધરીના નામ સામેલ છે. પક્ષના નેતાઓ માને છે કે સંસદમાં પૂરક પ્રશ્ન પૂછવામાં આવ્યો ન હોત કારણ કે ભાજપના સાંસદો પૂરક પ્રશ્ન પૂછવા માંગતા ન હોત અને સંબંધિત મંત્રાલયના લેખિત જવાબથી સંતુષ્ટ થયા હોત. પરંતુ તે જ સમયે સંસદીય કામકાજમાં અનુભવી કેટલાક સાંસદો એવું પણ કહે છે કે સંસદીય કાર્યપદ્ધતિ મુજબ, સાંસદે લેખિત જવાબ આપ્યા પછી વધારાના પ્રશ્નો પૂછવાના ન હોય તો પણ તેઓ પોતાની સીટ પર જ રહે છે અને ઉભા થઈને કહે છે કે પ્રશ્ન તેમણે તરફથી મળેલા જવાબથી સંપૂર્ણપણે સંતુષ્ટ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સંસદમાં હાજરી અંગે ચેતવણી છતાં ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદોના વલણમાં કોઈ ફેરફાર થયો નથી. ભારતીય સંસદના ઈતિહાસમાં ત્રીજી વખત આવું સોમવારે બન્યું હતું, જ્યારે ૨૦ થી વધુ તારાંકિત પ્રશ્નો લેવામાં આવ્યા હતા પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ભાજપના ૧૦ સાંસદો જેમના નામનો પ્રશ્ન માટે સમાવેશ કરવામાં આવ્યો હતો તે વધારાના પ્રશ્નો પૂછવા માટે હાજર ન હતા. દરમિયાન આજે સવારે ભાજપ સંસદીય દળની બેઠકમાં આ સાંસદો પાસેથી જવાબ માંગવામાં આવી શકે છે. બોગસ વોટિંગ રોકવા અને મતદાર યાદીને આધાર નંબર સાથે લિંક કરવા માટે ચૂંટણી અધિનિયમ (સુધારા) બિલ-૨૦૨૧ લોકસભામાં વિપક્ષના વિરોધ વચ્ચે પસાર કરવામાં આવ્યું હતું.

### અકાલી દળના નેતા બિક્રમ સિંહ મજીઠિયા વિરુદ્ધ મોહાલીમાં એફઆઈઆર

# સીએમ ચન્ની અને સિદ્ધુના દબાણ હેઠળ એફઆઈઆર થઈ : અકાલી દળ

પંજાબ,તા.૨૧

ગત મહિને બાદલે પંજાબમાં સત્તારૂઢ કોંગ્રેસ સરકાર પર મજીઠિયાને ગેરકાયદે ડ્રગ્સના ખોટા કેસમાં ફસાવવાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો. જીઇછઢ નેતા દલજીત સિંહ ચીમાએ પણ તાજેતરમાં એવો આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ મજીઠિયાને 'ખોટા કેસ'માં ફસાવી અને તેમની ધરપકડ કરવા પર તત્પર છે. બાદલે દાવો કર્યો હતો કે, "રાજયની વિધાનસભાની ચૂંટણીઓ પહેલા કોંગ્રેસ પોતાની નિષ્ફળતાઓ પરથી ધ્યાન હટાવવા બદલો લેવાનો અભિગમ અપનાવી રહી છે." તેઓએ આરોપ લગાવ્યો કે, આદર્શ આચાર સંહિતા લાગૂ થયાના થોડા દિવસ પહેલા બિક્રમ મજીઠિયાને ખોટા કેસમાં ફસાવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.પંજાબમાં શિરોમણી અકાલી દળના નેતા બિક્રમ સિંહ મજીઠિયા વિરુદ્ધ મોહાલીમાં FIR દાખલ કરવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું કે બિક્રમ મજીઠિયા સામે ડ્રગ્સના જૂના કેસ અંગે કેસ નોંધવામાં આવ્યો છે. અકાલી દળના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ નવજોત સિંહ સિધ્ધુ અને પંજાબના સીએમ ચરણજીત સિંહ ચન્નીના દબાણ હેઠળ મજીઠિયા વિરુદ્ધ ફ્રૈંઈ નોંધવામાં આવી છે. હકીકતમાં, અકાલી દળ છેલ્લા ઘણા દિવસોથી આરોપ લગાવી રહ્યું હતું કે પંજાબ સરકાર પંજાબ પોલીસ અધિકારીઓ પર બિક્રમ સિંહ મજીઠિયા અને અન્ય અકાલી નેતાઓ વિરુદ્ધ કેસ દાખલ કરવા માટે સતત દબાણ કરી રહી છે. અકાલી દળના નેતાઓ સતત પ્રેસ કોન્ફરન્સ કરી તેની આશંકા દર્શાવી રહ્યા હતા કે તેમની પાર્ટીના વરિષ્ઠ નેતાઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી શકે છે. જો કે, હાલમાં એ જાણી શકાયું નથી કે બિક્રમ મજીઠિયા સામે કઈ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલે પંજાબ સરકાર પર આરોપ લગાવ્યો હતો કે મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની, નાયબ મુખ્યમંત્રી સુખજિંદર સિંહ રંધાવા અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નવજોત સિંહ સિધ્ધુ તેમના અને તેમની પાર્ટીના વરિષ્ઠ નેતા બિક્રમસિંહ મજીઠીયા સામે ખોટા કેસ કરવા માટે પોલીસ અધિકારીઓ પર દબાણ કરી રહ્યા છે. SAD પ્રમુખે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે પોલીસ વિભાગને પોતાના કબજામાં લઈ લીધુ છે. અને પોલીસ અધિકારીઓને અકાલી દળના વરિષ્ઠ નેતાઓ સામે કાર્યવાહી કરવા મજબૂર કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, "પ્રમાણિક પોલીસ અધિકારીઓએ આ ગેરબંધારણીય આદેશોનું પાલન કરવાનો ઈનકાર કર્યો હતો." અધ્યક્ષે દાવો કરતા કહ્યું હતું કે, એટલા માટે જલ્દીથી જલ્દી તપાસ બ્યૂરોના બે અધિકારઓને બદલી નાખવામાં આવ્યા છે.

CYMK

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 0001

શિર્ષક : મારે મૈયર

પ્રકાર : પદ્ય

રચના :-- જ્યારે દક્ષ પ્રજાપતિએ પોતાના ઘરે યજ્ઞ નું આયોજન કર્યું હતું ત્યારે તેમણે શિવજીને આમંત્રણ આપ્યું નહોતું. છતાંય પાર્વતીજીએ મહાદેવ પાસે યજ્ઞમાં જવાની રટ કરી .શિવજીએ ઘણું સમજાવ્યા છતાંય સતી માન્યા નહીં અને શિવજીની ના કહેવા છતાંય પોતાના પિયર ગયા અને પછી ત્યાં જે જોયું એનું વર્ણન કરતું એક ભજન અહીં રજુ કરું છું .

આ સતી કહે શીવ સાંભળો ,
મારા મૈયરે યજ્ઞ થાય , રટણ કરીએ રામનું,
આ શિવ કહે સતી સાંભળો ,
માન વિના મૈયરે ના જવાય ,
રટણ કરીએ રામનું..
આ સતી કહે શિવ સાંભળો ,
મૈયરિયાનાં માન નાં હોય ,
રટણ કરીએ રામનું..
શિવે ગાન ને તાન તૈયાર કર્યા
સતી ચાલ્યા મૈયરિયાની વાટ ,
રટણ કરીએ રામનું ..
સતી આસન આસન જોઈ વળ્યા,
ક્યાંય ન દીઠાં શિવ કેરા આસન ,
રટણ કરીએ રામનું...
સતીએ એમની માતાને પુછીયું ,
માતા શિવ કેરા આસન કેમ નહીં રે..
રટણ કરીએ રામનું..
એમની બેનીએ મેણાં બોલીયા ,
એવા જોગી જટાનું શું કામ ?
રટણ કરીએ રામનું...
સતીએ યજ્ઞમાં અગ્નિ પ્રગટ કર્યો ,
સતી બેઠાં છે અગ્નિની માંય ,
રટણ કરીએ રામનું ...
બળતાં બળતાં સતી એમ બોલીયા,
માન વિના મૈયરિયે નવ જઈએ ,
રટણ કરીએ રામનું..
સાતવાર ગાય સૂણે ને સાંભળે ,
તેમની શંકરદાદા પૂરે સૌની આશ..
રટણ કરીએ રામનું...

પ્રચલિત ગરબો :

વાદલડી વરસી રે..સરોવર છલી વળ્યાં...

સાસરિયા માં મહાળવું રે..પિયરીયા માં છૂટથી રહ્યા...

મહાદેવજી નું પ્રસિદ્ધ ભજન ..

સૌ કોઈ પિયરીયા માં જાય મહાદેવ જી..સૌ કોઈ પિયરીયા માં જાય રે...મને પિયર જવા ના ઘણા કોડ રે....

સંપાદન : પ્રદીપ રાવલ(સંચાલક)

---

NOG SS NO: 076

વિષય :- સાસારિયું -પિયરિયું

શીર્ષક :- વાસંતી

"અરે માસી આ તમારા બાકીના પૈસા તો લેતા જાવ... " શાકવાળા રઘુ એ રાડ પાડી, વાસંતી બસ પોતાની ધૂનમાં ચાલતી જતી હતી, રઘુ સાદ પાડતો રહ્યો પણ વાસંતી જતી રહી.

ગઈકાલે તેના પુત્રએ જે કીધું એ પછી વાસંતી જાણે એક જીવતી લાશ બની ગઈ હતી, તેનો ભૂતકાળ તેની નજર સામે જાણે તાંડવ: કરી રહ્યો હતો.

"વાહ ઘરે લક્ષ્મીજી પધાર્યા છે, જાણે સાક્ષાત મારી બા જ જોઈ લ્યો, હું તો મારી દીકરીનું નામ વાસંતી જ રાખીશ, મારી વસંતબા નો જ અંશ." માયાભાઇ હરખાતા બોલ્યા, અને બધાએ વાત વધાવી લીધી. વાસંતી પર અપાર સ્નેહ માયાભાઈને, પણ બાપ- દીકરીનો આ સ્નેહને જાણે કોકની નજર લાગી ગઈ, ખેતરે રખેવાળું કરવા ગયેલા માયાભાઈને એરૂ આભડી ગ્યો. વાસંતી હજી ૫ જ વર્ષની, અને બાપ વગરની થઈ ગઈ, વાસંતીની મા આશાબેન નાની ઉંમરમાં જ વિધવા થયાં, પણ સમાજ / જ્ઞાતિનાં રિવાજ મુજબ કમને પોતાનાથી લગભગ ૧૨/૧૩ વર્ષ નાના દિયર સાથે દિયરવટું કરવું પડ્યું. બાપની છતરછાયા ગુમાવી ચૂકેલી વાસંતી પર હવે બદનસીબ નું લેબલ લાગી ગયું હતું. તેના બધાં લાડ તેના પિતા સાથે જ જાણે ચાલ્યા ગયાં, યુવાનીના ઉંબરે પહોંચેલી વાસંતીને પરણાવવા ની લાખ કોશિશ છતાં બદનસીબની તકતીનાં કારણે કોઈ હા નોહતું પાડતું, અંતે બાજુના ગામનાં વાસંતીથી ૧૦ વર્ષ મોટા એક વણિક મધુકર સાથે એને પરણાવી દીધી.

માયાભાઇનાં અવસાન બાદ આમ પણ વાસંતી ખૂબ ડરી ડરીને રહેતી હતી, સાસરીમાં પણ એની સ્થિતિ સુધરવાના બદલે બગડતી ગઈ, મધુકરની પહેલી પત્ની બાળકને જન્મ આપતાં ગુજરી ગઈ હતી, મધુકરનાં એ પુત્રને સાચવવા માટે જ મધુકરે આ વિવાહ કર્યા હતાં. બાકી એને બીજા લગ્ન કરવા જ નોહતાં, લગ્ન બાદ પણ વાસંતી એક કુમારિકા જ હતી. અને આમ ને આમ વર્ષો વીતવા લાગ્યા. મધુકરનો દીકરો રવિ પણ યુવાન થઈ ગયો, વાસંતીએ એને પોતાના પુત્રની જેમ જ ઉછેર્યો હતો પણ રવિ એને ક્યારેય માન નોહતો આપતો, ગઈકાલે તો હદ જ થઈ ગઈ, વાસંતીનાં પ્રેમ અને ત્યાગનાં બદલામાં રવિએ પોતાના મિત્રોની સામે વાસંતીને અપશબ્દો કીધા અને એનું ખૂબ અપમાન કર્યું, પોતાના પિતાએ વાસંતીને પોતાની મા ની જગ્યા આપીને પોતાની મા સાથે અન્યાય કર્યાની પણ વાત કરી.

વાસંતી.... જેને પિયરમાં કે સાસરીમાં ક્યાંય વસંત ન મળી. બીજાનાં ફૂલને જતન કરીને ઉછેર્યું એણે પણ એને કાંટા વગાડ્યા, આ આઘાત વાસંતી સહી ન શકી અને વસંતની રાહ જોતી વાસંતી અનંતની વાટે ચાલી નીકળી.

પારૂલ ઠક્કર 'યાદ, BHAVNAGAR

# અંધકારના ઓછાયા નીચે જીવવું એના કરતા દીપની જેમ સળગવું

અસ્થિરતા ગમતો શબ્દ,દરેક માનવીને તેના છાયામાં રહેવું ખૂબ ગમે સુખનો એહસાષ થાય,સુખ મળે ને માણસને શાંતિનો અનુંભવ થાય ,કર્મહિન માનવી,તેનો વિશ્રામો શોધે,ને ગમે પણ ખરો,એવા લેભાગુંને જિંદગીની ખબર પડતી નથી,બસ તેના એશઆરામી જિંદગીને મહાસુખ સમજે છે,એક રૂપિયો બોલમાં સહેલો છે,પણ જો રીતસર મોળવવો હોય તો કેટલું કઠિન છે.પ્રસેવે લીપટાયને જયારે ખખડે તો મૂલ્ય સમજાય કે રૂપિયો કેટલો મહામૂલી છે,જિંદગી ખર્ચ કર્યા વગર મળતુ સુખ આનંદ જરૂર આપે પણ એ અલ્પસમય માટેનું હોય છે,કોઈ આંધીમાં સ્પર્શી જતી શીતળ લ્હેરખી જેવું છે.એવા સુખને પામનાર,અથવા મેળવવા દોડનાર માણસોની કતારો પડી જતી હોય છે,પણ એ જિંદગી નથી,જિંદગી તો સંઘર્ષ,સર્જન,સુખનો સરવાળો છે.

માનવ જીવન મળ્યુ છે તો સ્થિર રહીં માત્ર પશુપંખી જેવું જીવનનિર્વાહ ન કરવું જોઈએ,વહેતો પ્રવાહ છે જીવન તો જેટલું ખર્ચ કરશો એટલું ઉજળુ થશે ,ધૂળમાંથી જડેલ કોઈ સોના જેવું ઘસી ઘસી ચળકતુ કરવું જોઈએ,ઈશ્વરે આયખુ ઘડયું એટલે તમારા જીવનનો કોઈ તો સાર રહેલો છે,અહીં જગતના સર્જનમાં તમારો થોડોધણો ફાળો હોવો જોઈએ નહીતો,અર્થહિન જીવનનો મતલબ શું? જિંદગી વર્ષો વધતા ઘટતી જાય ને માણસ સમજે વધતી જાય,આખર મળે શું?જીવનનો સરવાળો કરનાર માણસ જગતમાં કઈજ કરી શકતો નથી, એટલે સરવાળા,ગુણાકાર,ભાગાકારની ઝંઝટથી બહાર નીકળી ×કર્મસ્ય હી જીવનમ્×સમજી આગળ વધ જેથી કરી આવનાર યુગ તારા પંથ પર ચાલી કોઈ નવસર્જન કરશે.

અહીં ઉભો રહો,વાતો કરીએ,શું ચાલ્યા કરો છો?તમારી પાસે સમય નથી કેટલા કામગરા છો?આવા શબ્દો બોલનાર માનવી મક્ષકથી ભટકી ગયેલ હોય ;એવા માણસને કાતો તમે રસ્તા પર લાવી શકો તો સંગ કરો,કાતો રસ્તા વચ્ચે છોડી જતા રહે,કારણ કે તે જિંદગીની ગતિથી વિમુખ બન્યો આપણી પાસે જિંદગીના મહામુલા સમયને બરબાદ કરે છે.એના જેવા બીજા કેટલાક સમૂહને તૈયાર કરી,પ્રગતિમાં બાંધારૂપ બને છે.એટલે ગતિશીલ જીવનને ગતિ આપી આપણે આપણા જીવનને યોગ્યસ્થાને મુકવાનું કામ કરવાનું છે.સતત સ્થિર રહી પથ્થરો ઈતિહાસની સાક્ષી પુરે છે,સાક્ષી પુરવાનું કામ આપણું નહીં આપણી સાક્ષી ભરતા પથ્થરો થાય તેવું જીવન બનાવવું જોઈએ.એજ વ્યક્તિ માનવકલ્યાણનું કામ કરી શકે છે.બાકી અસ્થિરતા જિંદગીને બેસહારા બનાવી દેશે,

જાત તરફ જોવાનું રાખનાર માનવી જીવનને સૂરજના તેજ જેવું બનાવે દે છે.અંધકારના ઓછાયા નીચે જીવવું એના કરતા દીપની જેમ સળગવું વધુ પ્રસંદ કરવું જોઈએ,જેનાથી એક દિવસ પુર્ણિમાં ચોતરફ પથરાઈ જશે.

બાબુ સંગાડા..
મહેક,વડાપીપળા,દાહોદ



## સોના-ચાંદીના વાયદાના ભાવમાં પરસ્પર વિરૂદ્ધ ચાલ: ક્રૂડ તેલમાં વૃદ્ધિ

# બુલડેક્સ ફ્યુચર્સમાં ૮૫ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૬૨ પોઈન્ટની મૂવમેન્ટ: કોટનમાં સુધારો

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૨,૫૧૬ સોદાઓમાં કુલ રૂ.૯,૯૫૧.૫૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ડિસેમ્બર વાયદામાં ૮૫ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ડિસેમ્બર વાયદામાં ૧૬૨ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૬૦,૯૨૮ સોદાઓમાં કુલ રૂ.૩,૩૫૮.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૧૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૨૪૩ અને નીચામાં રૂ.૪૭,૯૯૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭ ઘટી રૂ.૪૮,૨૧૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૮ ઘટી રૂ.૩૮,૫૫૮ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ વધી રૂ.૪,૭૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૨૮૮ ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૨૨૦ અને નીચામાં રૂ.૬૧,૨૬૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૧૨ વધી રૂ.૬૨,૧૨૯ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૫૭ વધી રૂ.૬૨,૩૮૬ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૭૪ વધી રૂ.૬૨,૩૯૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૩,૦૯૯ સોદાઓમાં રૂ.૨,૩૦૯.૫૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૮૫ વધી રૂ.૨૧૯ અને જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૪૦ વધી રૂ.૨૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩.૯૫ વધી રૂ.૭૪૨.૩૦ અને નિકલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૬ વધી રૂ.૧,૫૩૬ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૬૦ વધી રૂ.૧૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૨,૮૪૯ સોદાઓમાં કુલ રૂ.૨,૧૯૦.૨૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૧૬૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૨૯૬ અને નીચામાં રૂ.૫,૧૬૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૨૫ વધી રૂ.૫,૨૭૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૪૦ ઘટી રૂ.૨૮૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧,૨૫૦ સોદાઓમાં રૂ.૧૧૩.૯૩ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૮૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૧૦ અને નીચામાં રૂ.૧૮૧૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨.૫૦ ઘટી રૂ.૧,૮૧૦ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર ડિસેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૦૪૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૦૪૨ અને નીચામાં રૂ.૧૬,૪૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૩૯ ઘટી રૂ.૧૬,૫૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૦૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૬૭.૮૦ અને નીચામાં રૂ.૧૦૫૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫.૧૦ ઘટી રૂ.૧૦૬૨.૭૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૮૦ ઘટી રૂ.૯૭૨.૭૦ અને કોટન ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૧૭૦ વધી રૂ.૩૧,૬૮૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૩,૫૫૯ સોદાઓમાં રૂ.૧,૫૫૯.૭૮ કરોડનાં ૩,૨૪૧.૬૫૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૭,૩૬૯ સોદાઓમાં કુલ રૂ.૧,૭૯૮.૭૨ કરોડનાં ૨૯૦.૬૯૯ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧૯૭.૯૪ કરોડનાં ૯,૦૭૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૪૪૮.૧૩ કરોડનાં ૧૫,૮૭૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૦૮૨.૩૫ કરોડનાં ૧૪,૫૮૫ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૪૫૭.૩૧ કરોડનાં ૨,૯૮૩.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૨૩.૮૬ કરોડનાં ૬,૫૭૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫,૫૨૫ સોદાઓમાં રૂ.૧,૨૭૫.૨૨ કરોડનાં ૨૪,૨૭,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૭,૩૨૪ સોદાઓમાં રૂ.૯૧૫.૦૫ કરોડનાં ૩,૨૧,૫૫,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧ સોદાઓમાં રૂ.૦.૦૪ કરોડનાં ૪ ટન અને કોટનના વાયદાઓમાં ૮૮૪ સોદાઓમાં રૂ.૯૫.૦૫ કરોડનાં ૨૯૮૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૯૪ સોદાઓમાં રૂ.૧૩.૭૧ કરોડનાં ૧૪૦.૦૪ ટન, રબરના વાયદાઓમાં ૩૯ સોદાઓમાં રૂ.૦.૭૯ કરોડનાં ૪૭ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૩૨ સોદાઓમાં રૂ.૪.૩૪ કરોડનાં ૪૧૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૩,૪૧૭.૯૯૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૯૮.૬૫૫ ટન, એલ્યુમિનિયમમાં ૧૨,૯૯૦ ટન, જસત વાયદામાં ૧૦,૮૯૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૩,૧૩૨.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૨,૯૯૪ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૫,૧૭૫ ટન, ક્રૂડ તેલમાં ૫,૫૪,૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૪૦,૦૨,૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૯૨ ટન, કોટનમાં ૧૪૮૪૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૩૫૪.૨૪ ટન, રબરમાં ૬૯ ટન, સીપીઓમાં ૮૨,૬૦૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૮૨૭ સોદાઓમાં રૂ.૧૪૯.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૮૫૬ સોદાઓમાં રૂ.૬૩.૪૮ કરોડનાં ૮૯૯ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૬૪ સોદાઓમાં રૂ.૭૮.૮૧ કરોડનાં ૯૩૦ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૫૨૩ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૬૦૦ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૪,૧૦૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૧૬૦ અને નીચામાં ૧૪,૦૭૫ના સ્તરને સ્પર્શી, ૮૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૭ પોઈન્ટ વધી ૧૪,૧૫૭ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૮૬૦ના સ્તરે ખૂલી, ૧૬૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫૮ પોઈન્ટ વધી ૧૬,૯૮૫ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૨૨,૫૬૩ સોદાઓમાં રૂ.૧,૮૨૯.૬૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૬૧.૭૮ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪.૪૭ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૪૯.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

# ઓમિક્રોને દેશની ચિંતા વધારી : નવા વેરિઅન્ટના કેસની સંખ્યામાં વધારો

નવીદિલ્હી,તા.૨૧

ગુજરાતના વડોદરામાં બ્રિટનથી પરત ફરેલી ૨૭ વર્ષીય મહિલા અને તાન્ઝાનિયાથી અમદાવાદ ગયેલા પતિ-પત્ની સોમવારે ઓમિક્રોનથી સંક્રમિત જોવા મળ્યા હતા. આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે મહિલા ૧૩ ડિસેમ્બરે બ્રિટન ગઈ હતી અને મુંબઈ થઈને પરત આવી હતી. તેણી બંને એરપોર્ટ પર વાયરસથી સંક્રમિત મળી ન હતી. તાવની ફરિયાદ કરી અને કોવિડ-૧૯ ટેસ્ટ માટે સેમ્પલ આપ્યા હતા. જેના રિપોર્ટમાં સંક્ર્મણની પુષ્ટિ થઈ હતી. આ પછી સેમ્પલ જીનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવ્યા હતા. ઓમિક્રોનનો વડોદરામાં આ ત્રીજો અને ગુજરાતમાં ૧૪મો કેસ છે. કેરળમાં ચાર નવા કેસ આવ્યા પછી રાજ્યમાં ઓમિક્રોન વેરિઅન્ટના કુલ કેસ વધીને ૧૫ થઈ ગયા છે. રાજ્યના આરોગ્ય વિભાગે જણાવ્યું કે આ ચાર સંક્રમિત પૈકી બે ૪૧ અને ૬૭ વર્ષની વયના છે. તે બ્રિટનથી તિરુવનંતપુરમ આવેલા ઓમિક્રોનથી સંક્રમિત ૧૭ વર્ષીય બાળકની માતા અને દાદી છે. તે ૯ ડિસેમ્બરે તેના પિતા, માતા અને બહેન સાથે બ્રિટનથી પરત ફર્યો હતો. તિરુવનંતપુરમમાં સામે આવેલા અન્ય બે ઓમિક્રોન કેસોમાં ૩૨ વર્ષીય પુરુષ અને ૨૭ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે જે ૧૭ ડિસેમ્બરે નાઈજીરિયાથી પરત ફર્યા હતા. આ મહિલા ૧૨ ડિસેમ્બરે બ્રિટનથી પરત આવી હતી. ઓમિક્રોનના ખતરા વચ્ચે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે કહ્યું કે શહેરમાં કોરોનાવાયરસના તમામ નવા પોઝિટિવ કેસ જીનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવશે. તેમણે કેન્દ્ર સરકારને આરોગ્ય કર્મચારીઓ અને અન્ય લોકો માટે કોવિડ રસીના વધારાના ડોઝની મંજૂરી આપવા પણ અપીલ કરી હતી. તેમણે કહ્યું કે ઓમિક્રોન વેરિઅન્ટને જોતા ગભરાવાની કોઈ વાત નથી કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, "છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. રવિવારે ૧૦૦ થી વધુ કેસ સામે આવ્યા હતા. અમને ખબર નથી કે આ કયા પ્રકારના કોવિડ કેસ છે, સામાન્ય કે ઓમિક્રોન વેરિઅન્ટ કેસ છે. તેથી, તમામ સંક્રમિત કેસોના નમૂનાઓ શોધવા માટે જીનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવશે. અમે હોમ આઈસોલેશનની સિસ્ટમને મજબૂત કરીશું, કારણ કે મોટાભાગના કેસોમાં હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર રહેશે નહીં.દેશમાં કોરોના વાયરસ સંક્રમણના ઓમિક્રોન વેરિઅન્ટના વધુ ૧૯ નવા કેસ સામે આવ્યા બાદ કુલ સંખ્યા વધીને ૧૭૪ થઈ ગઈ છે.

# મારા બાળકોના ઈન્સ્ટાગ્રામ પણ હેક કરી રહ્યા છે, સરકાર પાસે કંઈ કામ નથી શું? : પ્રિયંકા ગાંધી



નવીદિલ્હી,તા.૨૧

ઉત્તર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી પહેલા આરોપો-પ્રત્યારોપોનો દોર ચાલી રહ્યો છે. આ બધા વચ્ચે પ્રિયંકા ગાંધીએ યુપી સરકાર પર ખૂબ જ ગંભીર આરોપ લગાવ્યો છે. પ્રિયંકાના કહેવા પ્રમાણે તેના બાળકોના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ હેક કરવામાં આવ્યા છે. આ સાથે જ પ્રિયંકાએ કટાક્ષ કર્યો હતો કે, સરકાર પાસે બીજું કોઈ કામ નથી શું?

ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશમાં હાલ ફોન ટેપિંગનો મામલો ગરમાયેલો છે. યુપીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે એવો દાવો કર્યો હતો કે, યુપી સરકાર તેમના ફોન ટેપ કરે છે અને સીએમ યોગી તેમના ફોનની વાતચીત સાંભળે છે.

# અમેરિકામાં ઓમિક્રોનના મૃત્યુનો પ્રથમ કેસ નોંધાયો

અમેરિકા,તા.૨૧

અમેરિકામાં ઓમિક્રોન ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા અઠવાડિયા સુધી, ચેપના ૭૩ ટકા કેસ નવા પ્રકારો સાથે સંબંધિત છે. સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના આંકડા દર્શાવે છે કે માત્ર એક અઠવાડિયામાં ઓમિક્રોન ચેપના કેસોમાં લગભગ છ ગણો વધારો થયો છે.

રાષ્ટ્રીય દર દર્શાવે છે કે ગયા અઠવાડિયે અમેરિકામાં ઓમિક્રોન વેરિઅન્ટના ૬,૫૦,૦૦૦ થી વધુ કેસ નોંધાયા હતા. દેશમાં કોરોના વાયરસ સંક્રમણના ઓમિક્રોન વેરિઅન્ટના વધુ ૧૯ નવા કેસ સામે આવ્યા બાદ કુલ સંખ્યા વધીને ૧૭૪ થઈ ગઈ છે. સોમવારે ૫ રાજ્યોમાં પૈકી દિલ્હીમાં ૮, કર્ણાટકમાં ૫, કેરળમાં ૪, રાજસ્થાન અને ગુજરાતમાં એક-એક કેસ નોંધાયા હતા. દિલ્હીમાં નોંધાયેલા મોટાભાગના કેસોમાં લોકો અન્ય સ્થળોએ ગયા હતા. રાષ્ટ્રીય રાજધાનીમાં નવા વેરિઅન્ટથી સંક્રમિત લોકોની કુલ સંખ્યા વધીને ૩૦ થઈ ગઈ છે. જ્યારે ઓછામાં ઓછા ૧૨ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.સિંગાપોરમાં સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, દેશમાં કોવિડ-૧૯ના ૧૯૫ નવા કેસ સામે આવ્યા છે, જેમાંથી ૪૫ કેસ ઓમિક્રોન વેરિઅન્ટના છે.

સિંગાપોરના એક શોપિંગ સેન્ટરના જિમમાંથી ઓમિક્રોનના કેટલાયક કેસ નોંધાયા છે. ઑસ્ટ્રેલિયાના સૌથી વધુ વસ્તી ધરાવતા રાજય ન્યુ સાઉથ વેલ્સમાં પ્રથમ વખત કોવિડ-૧૯ના નવા કેસ ૩,૦૦૦ને પાર થયા છે, વડા પ્રધાન સ્કોટ મોરિસન પર બૂસ્ટર ડોઝ આપવાની ઝુંબેશને વેગ આપવાનું દબાણ વધ્યું.કોરોનાવાયરસના નવા પ્રકાર, ઓમિક્રોન એ વિશ્વને ઘેરી લીધું છે. અમેરિકામાં ઓમિક્રોનના મૃત્યુનો પ્રથમ કેસ નોંધાયો છે. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, નવા ઓમિક્રોન વેરિઅન્ટને કારણે પ્રથમ મૃત્યુ ટેક્સાસમાં નોંધાયું હતું.

કોવિડ-૧૯ના કહેરનો ભોગ બનેલા અમેરિકામાં આ સમયે ૭૩ ટકા કેસ ઓમિક્રોનના છે. પબ્લિક હેલ્થના નિવેદન અનુસાર, આ વ્યક્તિની ઉંમર ૫૦ વર્ષની આસપાસ હતી, તેણે રસી લીધી ન હતી અને તે પહેલાથી જ કોવિડ-૧૯ થી સંક્રમિત હતો. અમેરિકામાં ઓમિક્રોન વેરિઅન્ટના કારણે મૃત્યુનો આ પહેલો કેસ છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, 'રસી ન મળવાને કારણે આ વ્યક્તિ માટે જોખમ ઘણું વધારે હતું. આ સિવાય તેમની તબિયત પણ બહુ સારી નહોતી.

## "ગીતાનો ઉપદેશ યુવા પેઢી સુધી પહોંચાડવો જરૂરી છે" - આચાર્ય લોકેશજી

# બ્રહ્મઋષિ આશ્રમ નેધરલેન્ડ દ્વારા ઓનલાઈન 'આંતરરાષ્ટ્રીય ગીતા જયંતિ મહોત્સવનું આયોજન કરાયું




બ્રહ્મઋષિ આશ્રમ નેધરલેન્ડ દ્વારા આયોજિત ઓનલાઈન 'આંતરરાષ્ટ્રીય ગીતા જયંતિ મહોત્સવ'ને ગીતા મનીષી મહામંડલેશ્વર સ્વામી જ્ઞાનાનંદજી, જૈન આચાર્ય ડૉ. લોકેશજી, સ્વામી કૃષ્ણન કાંતાજી મહારાજ, નેધરલેન્ડના આયોજક સ્વામી ડૉ. દિનેશ્વરાનંદજી મહારાજ અને યુએસના સ્વામી ચિદઘાનાનંદજી મહારાજે સંબોધન કર્યું હતું. વિશ્વ અહિંસા ભારતીના સ્થાપક, વિશ્વ શાંતિદૂત ડૉ. આચાર્ય લોકેશજીએ તેમના છટાદાર પ્રવચનમાં જણાવ્યું હતું કે, પાંચ હજાર વર્ષ પૂર્વે ભગવાન કૃષ્ણે જીવન જીવવાની કળાનો ઉપદેશ આપ્યો હતો. ગીતા એ માત્ર એક શાસ્ત્ર જ નથી પરંતુ એક ઉત્તમ જીવન જીવવાનો સિદ્ધાંત પણ છે. તેમણે કહ્યું કે, ગીતાના સિદ્ધાંતો યુવા પેઢી સુધી પહોંચાડવા જરૂરી છે.

ગીતા જ્ઞાન સંસ્થાનમ, કુરુક્ષેત્રના સ્થાપક ગીતા ઋષિ સ્વામી જ્ઞાનાનંદજી મહારાજે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય ગીતા જયંતિ ઉત્સવની સંસ્થાએ નવો રેકોર્ડ બનાવ્યો છે. જેના કારણે વિશ્વમાં ભારતનું નામ રોશન થયું છે અને તેને નવી ઓળખ મળી છે. તેમણે કહ્યું કે, ગીતા સર્વાંગી વ્યક્તિત્વ અને સંતુલિત સમાજના નિર્માણમાં મદદ કરે છે. સ્વામી કૃષ્ણન કાંતાજી મહારાજે કહ્યું કે, ગીતા એ સુખી જીવનનો ગ્રંથ છે, તે જીવનને ધન્ય બનાવે છે. ગીતા માત્ર એક ધાર્મિક ગ્રંથ નથી, તે એક અનન્ય જીવન ગ્રંથ છે. જીવનના ઉત્કર્ષ માટે દરેક વ્યક્તિએ સ્વ-અભ્યાસ કરવો જોઈએ. ગીતા એક દિવ્ય ગ્રંથ છે, તે આપણને પલાયનમાંથી પુરુષાર્થ તરફ જવાની પ્રેરણા આપે છે.આ પ્રસંગે બ્રહ્મઋષિ આશ્રમ નેધરલેન્ડના પ્રમુખ સ્વામી ડો. દિનેશ્વરાનંદજી મહારાજ, આંતરરાષ્ટ્રીય ગીતા જયંતિ મહોત્સવના આયોજક અને યુએસએથી જોડાયેલા સ્વામી ચિદઘાનાનંદજી મહારાજે ઓનલાઈન જોડાયેલા તમામ સંતો અને ધર્મગુરુઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## કોંગ્રેસના વરિષ્ઠ ધારાસભ્યનો બેફામ વાણી વિલાસ.

તાજેતરમાં ગુજરાતના અગ્રગણ્ય અખબારોમાં એક સમાચાર બહુ ચર્ચાસ્પદ બન્યા છે,અને સમાચાર એ છે કે કર્ણાટક વિધાન સભાના ભૂતપૂર્વ અધ્યક્ષ અને કોંગ્રેસના વરિષ્ઠ ધારાસભ્ય શ્રી કે આર રમેશકુમારે બળાત્કાર વિશેની પ્રતિક્રિયા આપતાં બેફામ વાણી વિલાસ કર્યો છે અને સમગ્ર દેશમાં એનો ઉગ્ર વિરોધ થયો છે. એ નેતાને એટલું પણ દુઃખ નથી કે બળાત્કારની પીડા અને વ્યથા કેટલી પીડાજનક હોય છે.બળાત્કારની વ્યથા તો જેની ઉપર વીતી હોય એને જ ખબર પડે. આ નેતાએ અસભ્ય શબ્દો વાપરી આખા સ્ત્રીસમાજની ગરિમાને ઠેસ પહોંચાડી છે. આવા બે-લગામ નેતાઓને કડી સજા થવી જ જોઈએ. જ્યારે આપણે જાહેરમાં કોઈપણ વિષયની પ્રતિક્રિયા આપવી હોય તો, બોલતા પહેલાં સો વખત વિચારી લેવું જોઈએ કે, આ વિધાનના આઘાત પ્રત્યાઘાત શું પડશે. આપણે નેતા બની ગયા એટલે ગમે તેવો બકવાસ કે વાણી વિલાસ કરવો એ લાજમી છે? એ વિચારી લેવું જોઈએ.આ લોકો જનતાના સેવક નથી,પરંતુ માત્ર ખુરસીદાસો જ છે. ટૂંકમાં દરેક વ્યક્તિએ ×વાણી અને પાણી×નો બેફામ ઉપયોગ કરવાને બદલે,તેનો વ્યય ના થાય એ રીતે વર્તવું જોઇએ.

યોગેશભાઈ આર જોષી,હાલોલ

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ "કાઉ બેઝડ ગ્રીન ઈકોનોમી ઓફ ઇન્ડિયા" વિષય પર કાર્યક્રમનું આયોજન

## પૂર્વ કેન્દ્રીય મંત્રી તેમજ રાષ્ટ્રીય કામધેનું આયોગનાં પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરીયા આપશે માર્ગદર્શન




ભારતની આઝાદીને ૭૫ વર્ષ પુરા થયા છે ત્યારે સમગ્ર દેશ વિવિધ સામાજિક, આર્થિક અને રાજકીય કાર્યક્રમો દ્વારા આઝાદીનો અમૃત ઉત્સવ ઉજવી રહ્યું છે. આઝાદી પહેલા ભારત 'સોને કી ચીડીયા' કહેવાતું હતું. અખંડ ભારતને આ નામ ફક્ત એમનેમ જ નહતું અપાયું તેની પાછળ ઘણા કારણો જવાબદાર હતા. કૃષિપ્રધાન ભારત તે સમયે ઘણું સમૃદ્ધ હતું. આજે જ્યારે ગાય આધારિત ખેતી અને ઓર્ગેનિક ખેતીના કન્સેપ્ટ રાસાયણિક ખાતરનો ઉપયોગ કર્યા બાદ તેનું હાનિકારક પરિણામ જાણ્યા પછી પ્રચલિત થયા છે ત્યારે ફરીથી એ યાદ કરવું રહ્યું કે આ તો આપણી સંસ્કૃતિ જ હતી. વધુ પડતા ટેકનોલોજીનાં ઉપયોગને કારણે ઉત્પાદનોમાં આપણે ક્વોન્ટીટી તો મેળવી શક્યા પણ ક્વોલીટીની ખામી રહી ગઈ. ઓર્ગેનિક ખેતી અને ગાય આધારિત ખેતી કોઈ આજકાલની પ્રવૃત્તિ નથી. આ પ્રાચીનકાળથી ચાલી આવે છે અને તે શુદ્ધ, સમૃદ્ધ અને સ્વાસ્થ્યપ્રદ પણ છે. આજે ૭૫ વર્ષ પછી દુષિત પર્યાવરણનાં પરિણામો સહ્યા બાદ ફરી આ દિશામાં આગળ વધવું રહ્યું જે માટે જે તે બાબતની સાચી સમજ હોવી અતિઆવશ્યક છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની બીઝનેસ વુમન કમિટી દ્વારા "કાઉ બેઝડ ગ્રીન ઈકોનોમી ઓફ ઈન્ડિયા" વિષય પર કાર્યક્રમ યોજાવાનો છે. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ભારત સરકારનાં પૂર્વ કેન્દ્રીય મંત્રી તેમજ રાષ્ટ્રીય કામધેનું આયોગનાં પૂર્વ અધ્યક્ષ ડૉ.વલ્લભભાઈ કથીરીયા માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમનું આયોજન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનાં પ્રમુખ હેમંત શાહ તેમજ અધ્યક્ષ કુસુમ કૌલ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ ગુરુવારનાં રોજ સાંજે ૪ વાગ્યે, "ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી"નાં ઓડીટોરીયમમાં યોજવામાં આવશે.

ગૌ આધારિત અર્થવ્યવસ્થા દ્વારા પ્રધાનમંત્રીશ્રીના 'આત્મ નિર્ભર' ભારત અને ×મેઈક ઈન ઈન્ડિયા× આંદોલનને વેગ મળશે. ગાય આધારિત કૃષિ આવા અનેક ગૌ સેવાના વિવિધ આયામો જેમકે આખા ભારતમાં નિઃસહાય (રખડતી) ગાયો, પશુઓનો પ્રશ્ન વિકટ બન્યો છે. આ સમસ્યાના સમાધાન માટે દેશના દરેક તાલુકામાં ગૌ અભ્યારણ્ય, ગૌઆશ્રય ધામ, ગૌશાળા જેવા નામોથી અને સરકારના વિવિધ વિભાગો અને યોજનાઓનું સમન્વય કરી તેમજ સામાજીક, સેવાભાવી, ધાર્મિક સંસ્થાઓને સાથે લઈને પી.પી.પી. મોડલ, જનભાગીદારીનાં માધ્યમથી ગૌધામનું નિર્માણ સ્થાનીક સ્તરે જ કરવામાં આવે. જયાં સ્થાનીક મહિલાઓ, યુવાનો જોડાય અને રોજગારી પ્રાપ્ત કરે. તેમજ ગૌમૂત્ર, ગોબરના વેંચાણ થકી આવક પણ મેળવે અને સાથોસાથ આ ગૌશાળા પણ લાંબા ગાળે સ્વાવલંબી બને. વધુમાં આ ગૌધામમાં આશરો આપાયેલ રખડતી ગાયોને પુરતા પ્રમાણમાં આરોગ્યવર્ધક ખોરાક, સારવાર આપીને ફરીથી તેમને તંદુરસ્ત બનાવવામાં આવે અને જે ગાયો તંદુરસ્ત બને તેમને ફરીથી કૃષિ, પશુપાલન વિગેરે કાર્ય માટે સમાજને ભેટ આપવામાં આવે. આવા કેન્દ્રોમાં સારી નસલના ધણખુંટ પણ પ્રાપ્ત થાય તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી અનેક બાબતો પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

## કોરોના સામે લડવાનો શ્રેષ્ઠ ઈલાજ ઈમ્યુનીટી વધારવાનો છે.

# વરિષ્ઠ નાગરિકો માટે યોજાયેલ ખાસ કાર્યક્રમ," આદર્શ અમદાવાદ"ની પ્રસંશનીય કામગીરી




સમાજ હિત માટે નિસ્વાર્થ ભાવ થી કામ કરતી જાહેર સંસ્થા " આદર્શ અમદાવાદ " એ રચનાત્મક અભિગમ દાખવીઅન્ય ચાર સહયોગી સંસ્થાઓ " વડીલો નો વિસામો "," સદવિચાર મિત્ર મંડળ ", " વનપ્રસ્થ મિત્ર મંડળ " અને " સીનીયર સીટીઝન ફોરમ " ને સાથે રાખી તેમના સંકલન થી તારીખ ૨૦/૧૨/૨૦૨૧નારોજ વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય સંભાળ અને વૈશ્વિક ક્ષેત્રે કોરોના મહામારી ને ધ્યાનમા લઇ રોગ પ્રતિકારાત્મક શક્તિ વધે તે માટે એક જાહેર કાર્યક્રમ નુ આયોજન કર્યુ હતુ.માજી ધારાસભ્ય શ્રી ભાવિન શેઠ, સિધ્ધાર્થ જડીવાલા, ચંદ્રિકાબેન દેસાઇ, સીનીયર પ્રોફેસર ચતુરભાઇ પટેલ જેવા આગેવાનો, અન્ય પ્રતિષ્ઠિત નાગરિકો, મહિલાઓ, ટીવી ચેનલ ના પ્રતિનિધિઓ અને મીડીયાકર્મી ઓ ની હાજરીમા યોજાયલ આ કાર્યક્રમમા ગુજરાત રાજ્ય ના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ના નિવૃત નાયબ કમિશ્નર શ્રી અનિલ કક્કડ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા.

ચંદ્રશેખર આઝાદ ગાર્ડન, હિમ્મતલાલ પાર્ક સામે, અમદાવાદ ખાતે આયોજિત આ મીટીંગ મા મુખ્ય વક્તા તરીકે શ્રીકક્કડ એપોતાના એક કલાક થી પણ વધારે સમય ના પ્રવચનમાવયસ્ક નાગરિકો માટે સંભવિત બીમારીઓ નુ લીસ્ટ રજુ કરી તેના સામે સજ્જ બનવા અને સુક્ષ્મ જીવાણુ ઓ સામે લડવા માટે જરૂરી એવી રોગ પ્રતિકારાત્મક શક્તિ શુ છે અને તે કઇ રીતે વધારવી તે માટેના સોનેરી નિયમો રજુ કર્યા હતા. પરિસ્થિતિ ને અનુરુપ કોરોના વાયરસ શું છે, સમયાંતરે તેમા આવતાપરિવર્તનો ,તેના અનુકુલનો અને તેની માનવ જાત ઉપર અસરો થી શરુઆત કરી તેની સામે કોરોના રસી ના કલીનીકલ ટ્રાયલ, તેની ઉત્પાદન પ્રક્રિયા, તેના સિધ્ધાંતો, તેની ચકાસણી, કોઇ પણ મનુષ્ય ના શરીર મા આ રસી આપ્યા પછી થી શુ શુ અસરો થશે, સમગ્ર વિશ્વ મા ચિંતા નો વિષય બની ગયેલ ઓમીક્રોન વાયરસ સામે ઉપલબ્ધ હાલની કોરોના વાયરસ નીરસી કેટલી અસરકારક રહેશે તે માટે અમેરીકા મા ફાઇઝર કંપની દ્વારા ચાલી રહેલા સંશોધનો ની પણ સવિસ્તર ચર્ચાઓ થઇ હતી.ફલશ્રુતિ તરીકે તમામ નાગરિકો પાસેથી મેળવાયેલ મંતવ્યો મુજબ આ કાર્યક્રમ સર્વે માટે ખુબ ઉપયોગી પુરવાર થયો હતો.

# ગુજરાતના એરપોર્ટ પર કોરોના ટેસ્ટિંગ અને ચેકીંગની કામગીરીથી ડૉક્ટર્સ નારાજ

,અમદાવાદ,તા.૨૧

રાજ્યમાં કોરોનાના કેસ ફરી એકવાર સામે આવી રહ્યા છે. ખાસ કરીને એમિક્રોન વાયરસની ગુજરાતમાં એન્ટ્રી સાથે અમદાવાદની ખાનગી હોસ્પિટલોએ તૈયારી શરૂ કરી દીધી છે. ૭૦ હોસ્પિટલમાં ૨૫૦૦ બેડ કોરોનાના દર્દીઓ માટે આરક્ષિત કરવામાં આવ્યા છે. જોકે હાલ એરપોર્ટ પર ટેસ્ટિંગ અને ચેકીગની કામગીરીમાં ચાલતી ઢીલાશથી ડૉક્ટર્સ નારાજ છે. એરપોર્ટ પર સપ્નાઈપૂર્ણ કામગીરી કરવામાં આવે નહિ તો મુશ્કેલીના દિવસો આવશે તેવું ડોક્ટર્સ માની રહ્યા છે.

વિદેશીથી આવતા ભારતીય નાગરિકઓ કે વિદેશી નાગરિક તેમનો આરટી પીસીઆર રિપોર્ટ નેગેટિવ હોય તો જ તેમને એરટ્રાવેલની પરમીશન આપવામાં આવે તેવો લેટર પણ અમદાવાદ હોમ્સ એન્ડ નર્સીંગ એસોસીએશન દ્વારા સરકારને લખવામાં આવ્યો છે. કોરોનાની પહેલી અને બીજી લહેર દરમિયાન અમદાવાદ હોમ્સ એન્ડ નર્સીંગ એસોસીએશનની ૧૮૦ હોસ્પિટલમાં૧૫૦૦૦ કરતા વધુ દર્દીઓએ સારવાર લીધી હતી.જે બાદ ત્રીજી લહેર અને એમીક્રોન વાયરસ મામલે ખાનગી હોસ્પિટલો દ્વારા તૈયારી શરૂ કરવામાં આવી છે.

૭૦ હોસ્પિટલમાં ૨૨૦૦ બેડ રિઝર્વ રાખવામાં આવ્યા છે. ઍરપોર્ટ અને રેલવે સ્ટેશન ઉપર નિયમિત રીતે ટેસ્ટિંગ અને વેકસીનેશન સર્ટીફિકેટ માંગવામાં ન આવતા અમદાવાદ હોમ્સ એન્ડ નર્સીંગ એસોસીએશન દ્વારા કેન્દ્ર સરકારના આરોગ્યવિભાગ અને એવીએશન વિભાગને પત્ર લખીને પોતાના સુચન કરાયા છે. સાથે જ વિદેશીથી આવતા ભારતીય નાગરિકઓ કે વિદેશી નાગરિક તેમનો આરટીપીસીઆર રિપોર્ટ નેગેટિવ હોય તો જ તેમને એરટ્રાવેલની પરમીશન આપવામાં આવે તેવો પણ ઉલ્લેખ લેટરમાં કરાયો છે.

આહનાના પ્રમુખ ડો. ભરત ગઢવીએ જણાવ્યું કે, ઓવર ઓલ સિનારિયો જોઈએ તો હોસ્પિટલમાં ૮ કે ૯ દર્દીઓ કોરોનાના છે. પણ એરપોર્ટ પર સપ્નાઈપૂર્ણ કામગીરી કરવામાં આવે નહિ તો મુશ્કેલી ના દિવસો આવશે. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે કોરોનાના કેસોને લઈ એક બેઠક પણ એસોસિએશનના ડૉક્ટર્સની બોલાવવામાં આવશે.

## ગ્રામ પંચાયત ચૂંટણીના પરિણામો જાહેર થવા લાગ્યા

# રાજ્ય મંત્રી મુકેશ પટેલના ગામ જ ગાબડું પડયું,નાનાભાઈએ મોટાભાઈને હરાવ્યો

,ગાંધીનગર,તા.૨૧

ગુજરાતની ૮૬૮૪ ગ્રામ પંચાયત માટે યોજાયેલી ચૂંટણીની મતગણતરી સવારથી જ શરુ થઇ ગઈ ગઈ હતી. રાજયમાં સરપંચના પદ માટે ૨૭,૨૦૦ જયારે ૧,૧૯,૯૯૮ લોકોએ સભ્યપદ માટે ઉમેદવારી નોંધાવી હતી. વિવિધ મતગણતરી કેન્દ્રો પર મત પેટીઓ ખોલી સરપંચ અને સભ્યોની અલગ-અલગ થપ્પીઓ કરવાની કામગારી શરૂ કરવામાં આવી હતી અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર તપુરનાં અમરાપર ગામે શૈલેષભાઈની જીત ધોરાજીનાં વેગડી ગામે રમેશભાઈની સરપંચ પદે જીત ધોરાજીનાં નાનાવાવડી ગામે જયાબેનની જીત નાની વાવડી ગામનાં સરપંચ બન્યાં જયાબેન ધોરાજીનાં કલાણામાં સરપંચ પદે અસ્મિતાબેનની જીત ધોરાજીનાં ભોળા ગામે કમલાબેન બોરીચાની જીત ભોળા ગામનાં સરપંચ બન્યાં કમલાબેન ધોરાજીનાં ભાદાજાળીયા ગામે સોનલબેનની જીત ધોરાજીનાં ભાડેર ગામે જયોત્સનાબેનની જીત ડીસાનાં ઓઢવા ગામે મકસીભાઈ રબારીની જીત ખેડાના પીજ ગામે ધવલ શર્માની જીત થઈ છે જયારે રાજ્ય મંત્રી મુકેશ પટેલના ગામ જ ગાબડું પડયું છે મુકેશ પટેલના ગામમાં ખેડૂત સમાજ આગેવાનની જીત મુકેશ પટેલના સામેના પક્ષનો વિજય થયો

જયારે વલસાડ અટાર ગામની ચૂંટણી રસપ્રદ બની હતી વોર્ડ નં ૪ માં મત ટાઈ થતા ચિઠ્ઠી ઉછળવામાં આવી ચિઠ્ઠીમાં ઉર્મિલા મિતેષ કુમારનો વિજય થયો હતો આવી જ રીતે મોડાસાની ફરેડી ગ્રામ પંચાયતમાં ટાઈ પડી હતી થરાદના મોટામેશરા ગામે શાંતાબેન નારણાભાઈ ચૌધરી વિજેતા થયા છે.ઉણ ગામે અલ્પેશ દેસાઈ વિજેતા,સાંડીયાના આલ નરસિંહભાઈ કુરશીભાઈ ૧૫૧ મતે વિજેતા,તાલેપુરાના શાંતિભાઈ ઉપલાની ૧૯૮વોટથી જીત,સણથના આલ દલાભાઈ ૧૦૫ મતે વિજેતા,ડીસામાં મંજુલાબેન પ્રહલાદસિંહ સોલંકી વિજેતા,રસાણા નાના મંગાજી રેવાજી સોલંકી વિજેતા,સદરપુરમાં વનરાજ સિંહ ઠાકોર વિજેતા,જાવલ સંગીતા બેન વજુભા ઠાકોર વિજેતા,ખેંટવા અનિલાબેન દેસાઈ ૪૨૪ મતથી લીડ વિજેતા

વેજલપોરનાં સરપંચ તરીકે જયશ્રીબેનનો વિજય થયો છે વડવા ગામનાં ઉમેદવાર જીતુ જાડેજાનો વિજય થયો છે જામકંડોરણાનાં થોરડી ગ્રા.પંનું પરિણામ જાહેર થયું છે થોરડી ગામનાં સરપંચ તરીકે મીનાબાની જીત થઇ છે ડીસાનાં સાંડિયા ગ્રા.પંનું પરિણામ જાહેર થયું છે તેમાં સાંડિયા ગામનાં સરપંચ તરીકે નરશીભાઇની જીત કીડીયાદનાં સરપંચ તરીકે મંગીબેન ભરવાની જીત દસ્ક્રોઇના લીલાપુર ગામમાં ઉષા ઠાકોરનો વિજય,નર્મદાના નરખડી ગામમાં મમતા વસાવાનો વિજય,કપડવંજના વાઘાવત ગામમાં દીપક સોલંકીનો વિજય,કપડવંજના ભોજાના મુવાડા ગામે મંજુલા પટેલનો વિજય,કપડવંજના રમોસડી ગામે જાગૃતિ વાઘેલાનો વિજય,મોરબી માયાપુર ગામમાં નથુ કણઝરીયાની જીત થઇ છે.

## કહી ખુશી કહી ગમ, ફરેડી સરપંચ ૨ મત થી વિજેતા

# અરવલ્લી : ૧૮૯ ગામોને નવા મુખિયા મળ્યા, ઠેર ઠેર વિજય સરઘસ નીકળ્યા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજયભરમાં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ લોકશાહીના આ પર્વે ગ્રામ્યકક્ષાએ પર્વથી પણ વધુ ઉત્સાહ ઉજવણી જોવા મળી હતી. અરવલ્લીની ૧૮૯ ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ રવિવારે યોજાયેલ મતદાનમાં જિલ્લામાં સરેરાશ ૭૭.૫૦ ટકા મતદાન નોંધાયું હતું. મંગળવારે તાલુકા મથકોએ મત ગણતરી યોજાઈ હતી અરવલ્લી જીલ્લામાં ૧૮૯ ગામોને નવા સરપંચ અને સભ્યો મળ્યા હતા વિજેતા ઉમેદવારો અને ટેકેદારોએ ભવ્ય સરઘસ કાઢ્યા હતા મોડાસાના ફરેડી ગામે સરપંચ પદે ટાઈ પડ્યા પછી રિકાઉંટીંગમાં ૨ મત થી વિજેતા જાહેર થયા હતા

અરવલ્લી જીલ્લામાં સરપંચ પદ પર વિજેતા બનેલા ઉમેદવારોએ ગામના વિકાસ માટે કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું મતગણતરી સ્થળે વહેલી સવાર થી કડકડતી ઠંડીમાં ઉમેદવારો અને ટેકેદારો ઉમટી પડ્યા હતા મતગણતરી શરુ થતા વિજેતા જાહેર થયેલા સરપંચ અને સભ્યપદના ઉમેદવારો અને ટેકેદારો ખુશીથી જુમી ઉઠ્યા હતા હારેલા ઉમેદવારો અને તેમના ટેકેદારોએ એક બીજાને આશ્વાસન આપતા જોવા મળ્યા હતા ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમના દ્રશ્યો જોવા મળ્યા હતા મતગણતરી સ્થળે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો

# સુરતમાં ઓમિક્રોનનો વધુ એક શંકાસ્પદ કેસ, ભૂલકા વિહાર શાળામાં ૩ વિદ્યાર્થીને કોરોના

,સુરત,તા.૨૧

સુરતમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનનાં ફફડાટ વચ્ચે વધુ એક શંકાસ્પદ કેસ નોંધાયો છે. બોત્સવાનાથી સુરત આવેલા હીરા વેપારીનો કોરોના પોઝિટિવ નોંધાયો છે. તો આ સાથે કેન્દ્રીયમંત્રી દર્શના જરદોશનો પુત્ર પણ કોરોનામાં સપડાયો છે. આ સિવાય શહેરની ભૂલકા વિહાર શાળામાં ૩ વિદ્યાર્થી કોરોના પોઝિટિવ આવતા શાળાને એક સપ્તાહ માટે બંધ કરાઈ છે. ઓમિક્રોન વેરિએન્ટે સમગ્ર વિશ્વમાં ફફડાટ ફેલાવ્યો છે. ત્યારે સુરતમાં એક જ અઠવાડીયામાં ઓમિક્રોનનાં બે કેસ નોંધાતા દહેશત ફેલાઈ છે. ત્યારે સુરતમાં ઓમિક્રોનનો વધુ એક શંકાસ્પદ કેસ નોંધાયો છે. ૩૨ વર્ષીય ડાયમંડ વ્યવસાયી પુરુષ, કે જેઓ ગત ૧૨ ડીસેમ્બરના રોજ બોત્સવાનાથી પરત આવ્યા હતા. તેમનો ૭ દિવસ બાદ ગતરોજ કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બોત્સવાનાથી આવ્યા બાદ તેઓ હોમકોરોન્ટાઇન જ હતા. જો કે પાલિકાના આરોગ્ય વિભાગે વાયરસનો પ્રકાર જાણવા માટે યુવકના સેમ્પલ જીનોમ સિક્વાન્સિંગ માટે મેડીકલ લેબમાં મોકલાયા છે. ગુજરાતમાં પણ ધીરે-ધીરે ઓમિક્રોનના કેસ વધી રહ્યા છે. બીજી તરફ શહેરનાં પાલ વિસ્તારમાં આવેલી ભૂલકા વિહાર શાળામાં ૩ વિદ્યાર્થી કોરોના પોઝિટિવ આવતા શાળા એક સપ્તાહ માટે બંધ કરાવાઈ હતી. ભુલકા વિહાર શાળામાં ધોરણ-૨માં અભ્યાસ કરતો ૭ વર્ષીય વિદ્યાથી, ધોરણ-૯નો ૧૪ વર્ષીય વિદ્યાર્થી અને ધોરણ-૧૦ના ૧૬ વર્ષીય વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ જાહેર થયા છે. આ ત્રણેય અનુક્રમે તાડવાડી, અડાજણ અને ભાઠા ગામના રહેવાસી છે.

# આગામી ૩૧ ડિસેમ્બર સુધી રાત્રિના ૧થી સવારના પાંચ સુધી નાઈટ કર્ફ્યૂ યથાવત્ રાખવાનો નિર્ણય

ગાંધીનગર,તા.૨૧

ગુજરાતના ૮ મહાનગરમાં આગામી ૩૧ ડિસેમ્બર સુધી રાત્રિના ૧થી સવારના પાંચ સુધી નાઈટ કર્ફ્યૂ યથાવત્ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આમ, ક્રિસમસ-ન્યૂ યરની ઉજવણી આ વખતે રાત્રિના ૧ સુધી થઇ શકશે. જોકે, ન્યૂ યરની ઉજવણી બહાર કરી શકાશે કે ઘરમાં તેને લઇને હજુ કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ગૃહ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામાં અનુસાર અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જુનાગઢ, જામનગર, ભાવનગર, ગાંધીનગર એમ ૮ મહાનગરોમાં કોવિડને પગલે મૂકવામાં આવેલા નિયંત્રણો તથા નાઈટ કર્ફ્યૂ યથાવત્ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, ૩૧ ડિસેમ્બરની ઉજવણી કેવી રીતે કરવામાં આવશે તેના અંગેની માર્ગદર્શિકા હજુ આગામી સપ્તાહના પ્રારંભે જાહેર કરવામાં આવશે. ગુજરાતમાં ગત વર્ષે ડિસેમ્બર મહિનાને અંતે ૮૦૦થી વધુ કેસ નોંધાઇ રહ્યાં હતાં. જેના કારણે ક્રિસમસ અને ન્યૂ યરની જાહેરમાં ઉજવણી પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.હાલમાં કોરોનાના કેસ ગત વર્ષ કરતાં નિયંત્રણમાં છે. પરંતુ ઓમિક્રોનના કેસમાં સતત વધારો થઇ રહ્યો હોવાથી ન્યૂ યરની ઉજવણી માટે કેવા પ્રકારની માર્ગદર્શિકા જાહેર કરવી તેના અંગે હવે નિર્ણય લેવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.